**સુવિચાર**
માણસ હાકલ કરે અને સાથ ન મળે તો એનામાં એકલા ચાલવાની તૈયારી હોવી જોઈએ.
:: સૌજન્ય ::
**નિલકંઠ જવેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૩/૦૮/૨૦૨૩, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૭૯ શ્રાવણ સુદ-૭ વર્ષ : ૧૫ અંક : ૨૧૩

## પ્રાંત અધિકારી, વિભાગીય પોલીસ અધિકારી હરેશ વોરાનાં માર્ગદર્શનતળે

# રાજુલામાં શાંતિપૂર્ણ માહોલમાં ''દબાણ હટાવ''ની કામગીરી પૂર્ણ

**જો કે દબાણ હટાવ ઝૂંબેશ શરૂ થઈ તે પહેલા જ અનેક દબાણો સ્વૈચ્છિક રીતે દૂર થઈ ગયા**

**એક પીઆઈ, ૧૦ પીએસઆઈ અને ૩૦૦ જેટલા પોલીસ કર્મીનાં બંદોબસ્ત વચ્ચે દબાણ હટાવની કામગીરી પૂર્ણ**

**વેપારીઓની દુકાનનાં ઓટલા તોડવાનું શરૂ થતાં નારાજગી વ્યકત કરતાં અંતે તે કામગીરી બંધ કરી દેવાઈ**

**જાહેર જગ્યા પર દબાણ થશે તો દબાણકર્તા સામે કાર્યવાહી કરવામાં આવશે**




અમરેલી, તા. ૨૨

રાજુલા શહેરમાં આજરોજ નગરપાલિકા દ્વારા દબાણ હટાવની કામગીરી કરવામાં આવી. જેમાં અંદાજિત ૩૦૦ જેટલી પોલીસ, એક ડી.વાય.એસ.પી. ૪ પી.આઈ. અને ૧૦ જેટલા પી.એસ.આઈ. સહિતની ટીમ આ બંદોબસ્તમાં જોડાયેલી સવારના ૯:૦૦ કલાકે રાજુલા શહેરના માર્કેટિંગ યાર્ડથી શરૂઆત કરવામાં આવી. રાજુલા શહેરની વિવિધ દિશાઓ માટે તંત્ર દ્વારા ત્રણ ટીમ બનાવવામાં આવેલી જેમાં ચારે દિશાઓમાંથી અલગ અલગ રીતે સવારના ૯ કલાકે દબાણ હટાવ શરૂ કરવામાં આવેલું.

જોકે તંત્રને આ દબાણ હટાવ કરવા માટે મહેનત કરવી પડી ના હતી. કારણ કે ગત તારીખ ૨૧ના રોજ રાજુલા શહેરના વેપારીઓ, લારી-ગલ્લા અને કેબિન સ્વૈચ્છિક રીતે હટાવવાની કામગીરી શરૂ રહેલી.

આ દબાણ હટાવ

**અનુસંધાન પાના ૬ ઉપર**

## ત્રણ મહિના પહેલા ૬૫ વર્ષિય વૃદ્ધાનાં ઘરમાં ઘુસીને

# રાજુલાનાં ખાખબાઈ ગામે લૂંટ કરનાર આરોપીને ઝડપી લઈને એલસીબીએ ગુન્હાનો ભેદ ખોલ્યો

**વધુ તપાસ સ્થાનિક પોલીસે શરૂ કરી**

અમરેલી, તા. ૨૨

રાજુલા તાલુકાના ખાખબાઈ ગામે રહેતા જડીબેન હડીયાનામના ૬૫ વર્ષિય વૃધ્ધા ગત તા.૧૫/૫ ના રોજ રાત્રિના પોતાના ઘરે સુતા હતા તે દરમિયાન આશરે ત્રણેય વાગ્યાના સમયે કોઈ અજાણ્યા ઈસમોએ આ વૃધ્ધાના ઘરમાં પ્રવેશ કરી, વૃધ્ધાને મોઢાના ભાગે ઢીકા મારી, મુંઢ ઈજા કરી, તેનું મોઢુ દબાવી રાખી બળજબરીથી જડીબેનના કાનમાં પહેરેલ સોનાના વેઢલા નંગ ૬ કિમત રૂપિયા ૪૫,૦૦૦ તથા કાનમાં પહેરવાની સોનાની ટોટી નંગ ૧ કિમત રૂપિયા ૨૫,૦૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૭૦,૦૦૦ના મુદામાલની લુંટ કરી તેમજ આ વૃધ્ધાની બાજુમાં રહેતા વિનુભાઇ બોધાભાઇ કાતરીયાના મકાનમાં પણ આ લૂંટારૂઓએ પ્રવેશ કરી, ઘરની તીજોરી અને પેટીના તાળા

**અનુસંધાન પાના ૬ ઉપર**



**સ્ટાફ જોઇએ છે**
દાંતના દવાખાના માટે
ડેન્ટલ આસીસ્ટન્ટ (અનુભવી)
મળવાનો સમય : સવારે ૯ થી ૧
સાંજે : ૫:૦૦ થી ૭:૦૦
ૐ ફેમિલી ડેન્ટલ કેર
પહેલો માળ, સારથી કોમ્પ્લેક્ષ, લીલીયા રોડ, અમરેલી. ફોન (૦૨૭૯૨) ૨૩૦૫૦૦
મો. ૭૦૧૬૮૩૭૧૩૭

## વડિયા નજીક આવેલ

# લાખાપાદર ગામની સીમમાં અજાણ્યા તસ્કરો દ્વારા કેબલ તથા ડ્રીપ ઈરીગેશન પાઈપની ચોરી

**અલગ-અલગ ૨ બનાવો અંગે પોલીસ ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૨૨

વડિયા તાલુકાનાં લાખાપાદર ગામે રહેતા અને ખેતીકામ કરતાં કિશોરભાઈ મગનભાઈ ગજેરાની વાડી તેમજ આજુબાજુની વાડીમાંથી તા. ૧૭નાં રાત્રીનાં સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમે ઈલેકટ્રીક મોટરનાં કેબલ વાયર ૩૭૦ ફૂટ કિંમત રૂા. ૭૪૦૦ની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ નોંધાઈ છે. તો તે જ ગામે રહેતા રમેશભાઈ પોપટભાઈ ગજેરા નામનાં ખેડૂતની વાડીમાં ઈરીગેશનની ૧૬ એમએમ પાઈપનાં ૧૮ બંડલ કિંમત રૂા. ૪૫૦૦૦ની પણ કોઈ અજાણ્યા ચોર ઈસમ ચોરી કરી લઈ ગયાની ફરિયાદ નોંધાઈ છે.

## તહેવારોનાં દિવસોમાં ગરીબ પરિવારોની મુશ્કેલી વધશે

# લીલીયામોટા સહિત રાજયભરનાં રેશનિંગ દુકાન ધારકો આગામી મહિને અનાજનું વિતરણ નહી કરે

**દુકાનધારકોની માંગ સરકાર પૂર્ણ કરતી ન હોય આંદોલનની ચીમકી**

લીલીયા મોટા, તા. ૨૨

લીલીયા મોટા તાલુકાનાં રેશનિંગ દુકાનધારકો આજે મામલતદારને આવેદનપત્ર પાઠવીને આગામી મહિને મફત અને રાહતદરનું અનાજ વેચાણ બંધ કરવાની ચીમકી આપી છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, ગુજરાતમાં રેશન ડિલરોનાં પડતર પ્રશ્નો બાબતે રાજયનાં બંને

**ડૉ. પિયુષ વી. ગોસાઈ**
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
**શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર**
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે,
લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮
સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ▪ પ્રસુતિ પછીની તપાસ (PNC) ▪ નોર્મલ ડીલેવરી ▪ સીઝેરીયન ડીલેવરી ▪ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ▪ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ▪ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ▪ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ▪ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ▪ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ▪ IUI ફેસીલીટી ▪ IVF માટે સલાહ.



એસોસીએશન દ્વારા ઘણા લાંબા સમયથી લેખીત અને મૌખીક રજૂઆતો કરવા છતાં અને આ બાબતે સરકાર સાથે તથા સરકારનાં અધિકારીઓ સાથે પણ અનેક બેઠકો થઈ ચુકી છે. જેમાં સરકારે પડતર પ્રશ્નો અંગે ચોકકસ નીતિ વિષયક સર્વ સમંતિ સધાઈ ગયા બાદ પુરવઠા વિભાગ પાસેથી દરખાસ્ત કરવાનું કમીટમેન્ટ કરવામાં આવેલું. તેમ છતાં લાંબા સમયથી મીનીમમ ૨૦ હજાર કમીશન તથા ૧% ઘટ્ટ જેની પડતર માંગણીઓની સતત ઉપેક્ષા થઈ રહી

**અનુસંધાન પાના ૬ ઉપર**

## મોટી કુંકાવાવ નજીક

# રેલ્વે ફાટકથી ચોકી જવાનાં માર્ગ ઉપર ફોર વ્હીલે હડફેટે લેતા બાઈક ચાલકનું મોત

**અકસ્માત કરી કાર ચાલક નાશી ગયાની ફરિયાદ**

અમરેલી, તા. ૨૨

વડિયા તાલુકાનાં મોટા ઉજળા ગામે રહેતા પ્રવિણભાઈ પ્રેમજીભાઈ જીયાણીનાં ભાઈ વસંતભાઈ ગત તા. ૨૧નાં રોજ બપોરનાં સમયે કુંકાવાવ રેલ્વે સ્ટેશનથી ચોકી તરફ જતાં માર્ગ ઉપરથી પસાર થતાં હતા. ત્યારે ફોર વ્હીલ નંબર જી.જે.-૫ જેસી ૦૭૫નાં ચાલકે વસંતભાઈનાં બાઈક નંબર જી.જે.-૦૧ ઈએમ ૪૧૮૪ને હડફેટે લેતા બાઈક ચાલકનું મોત નિપજયાની ફરિયાદ વડિયા પોલીસમાં નોંધાઈ છે.

# અમરેલીનાં મોટા બસ સ્ટેન્ડ ચોકનાં વેપારી એસોસીએશન દ્વારા સન્માન કાર્યક્રમ યોજાયો







અમરેલી નવ નિર્મિતે બસ સ્ટેશન ખાતે મોટા બસ સ્ટેન્ડ ચોક વેપારી દ્વારા સમન્વય અને સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત નગરપાલિકા પ્રમુખ મનિષાબેન રામાણી, કારોબારી ચેરમેન સુરેશભાઈ શેખવા, ટાઉન પ્લાનિંગ ચેરમેન બ્રિજેશભાઈ (પિન્ટુભાઈ) નગરપાલિકા સદસ્ય નિલેશભાઈ ધાધલ, પ્રવીણભાઈ બારૈયા, શ્રીમતી ખુશ્બુબેન દિગન્તભાઈ ભટ્ટ, તેમજ ન્યુ બસ સ્ટોપ કન્ટ્રકશન કંપની તરફથી વિમલભાઈ, એસ.ટી.સ્ટેન્ડ વહીવટી તંત્ર તરફથી પ્રતિનિધિ પોલીસ પ્રશાસન તરફથી સીટી પી.આઈ.વાઘેલા પાલિકા સફાઈ વિભાગનાં પ્રશાંતભાઈ છગ, જાણીતા સ્ટેમ્પ વેન્ડર, પરેશભાઈ આચાર્ય અને વેપારી અગ્રણી કેતનભાઈ ધોળકિયા વગેરે ઉપસ્થિત રહયા હતા. ત્યારે તેમની શરૂઆતમાં મોટા બસ સ્ટેન્ડ ચોક વેપારી એસોસિએશનનાં પ્રમુખ દિનેશભાઈ ભુવાએ શાબ્દિક સ્વાગત કરી સૌને આવકાર્યા હતા. ત્યારબાદ દીપ પ્રાગટય કરી કાર્યક્રમ ખુલ્લો મુકયો હતો. અને મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રસંગિક ઉદબોધનમાં શશાંકભાઈ મહાજને કહયું કે શ્રી લક્ષ્મીનારાયણ મંદિર ચોકથી કોલેજ સર્કલ સુધીનાં રોડને સ્પેશિયલ કોરિડોર બનાવી તેમાં રખડતા ઢોર નો ત્રાસ દુર કરવો રસ્તાની સફાઈ જાળવણી, રાત્રી સમયે સ્ટ્રીટ લાઈટ, વાહન પાર્કિંગ, મહિલા શૌલાલય, કચરાનું ડોર ટુ ડોર કલેકશન કરાવવું તેનો નિકાલ કરો જેવા પ્રાથમિક અને અગત્યનાં મુદા વિશે ચર્ચા કરી હતી. કેતનભાઈ ધોળકિયા પ્રસંગોચિત ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે પ્રશાસન અને નગરજનોનાં સમન્વયથી સ્વચ્છતા, સુઘડતા અને સગવડતા આપોઆપ ઉભી થઈ શકે. આ કાર્યક્રમને સફળ બનાવવા દિનેશભાઈ ભુવા, શૈલેષભાઈ ચૌહાણ, આશિષભાઈ સોજીત્રા, વિજયભાઈ બુધેલીયા, કિશનભાઈ દરજીયા, મુકેશભાઈ કુંજડીયા, શશાંકભાઈ મહાજન, ગોપાલભાઈ ઝિંઝુવાડીયા, જયેન્દ્રભાઈ પટેલ, ગોપાલભાઈ ટાંક, વિનોદભાઈ ભાડ, અનિલભાઈ પટેલ, ભાવિનભાઈ આડતિયા, કૌશિકભાઈ ભાયાણી, ધર્મેન્દ્રભાઈ પટેલ, હિરેનભાઈ ગાંગડીયા, જયદીપભાઈ પાંચાણી, કમલેશભાઈ મહેતા, પંકજભાઈ, પરાગભાઈ વડેરા, જસ્મીતભાઈ રોશનીયા, પ્રફુલભાઈ ચોવટીયા, પ્રતિકભાઈ, જયદેવભાઈ કોઠીયાળ, અજયભાઈ ધાંધલ, ઉમેશભાઈ સંઘવી, ધર્મેન્દ્રભાઈ જોટંગીયા, પંકજભાઈ માસરાણી, અમિતભાઈ, નિખિલભાઈ આશર, બિપીનભાઈ ગજેરા, પ્રશાંતભાઈ નગડિયા, રિધેશભાઈ નાકરાણી વિગેરે દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. એવું ગોપાલભાઈ ઝિંઝુવાડીયાની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### વિવિધ સંસ્થાઓ આંદોલન કરવાનાં મિજાજમાં

## જાફરાબાદનાં એસ.ટી. તંત્રની મનમાની સામે મુસાફરવર્ગમાં નારાજગીનો માહોલ

### જાફરાબાદ-મહુવા રૂટની બસ શરૂ કરવા માંગ

જાફરાબાદ, તા. ૨૨

મહુવા-જાફરાબાદ લોકલ એસ.ટી. બસ ચાલું કરવા માટે સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆત મહુવા ડેપોની લોકલ એસ.ટી. બસ જે સવારના જાફરાબાદ રૂટ ઉપર ચાલતી હતી જે લાંબા સમયથી બંધ કરી દેવામાં આવેલ છે. મહુવા જાફરાબાદ વચ્ચે જે લોકલ બસ ચાલતી હતી આ બસને ફરીવાર ચાલું કરવા માટે જાગૃત નાગરિકે મહુવા ડેપો મેનેજરને તેમજ ભાવનગર ડીસી ટેલીફોનીક રજુઆત તેમજ લેખિત ફરિયાદ કરેલ છે. છત્તા પણ એસટી તંત્ર ધ્યાન પણ લીધું નથીને આંખ આડા કાન કરી રહેલ હોય જાફરાબાદથી મહુવા જાવા માટે એક પણ લોકલ બસ મળતી નથી મહુવા બંદર છે.જાફરાબાદ પણ બંદર છે. જાફરાબાદથી દવાખાનાના દર્દીઓ મહુવા જાય છે. તેમજ અન્ય ગ્રામ્ય વિસ્તારોના લોકો મહુવા જાય છે. જાફરાબાદથી મહુવા જાવા માટે લોકો એસ.ટી.ની અવેજીમાં ખાનગી વાહનોનો સવારે આઠ મેજિક તેમજ ઈકો ગાડીઓ મુસાફરોને ભરી ભરીને જાય છે. અને એસ.ટી.ને મોટી ખોટ જાય છે. તેમ છતાં પણ એસટી તંત્રની આંખ ખુલતિ નથી અને મહુવા મેડિકલ ક્ષેત્રમાં હબ ગણાય છે.મહુવાથી દવાખાનાના દર્દીઓ સારવાર લઈને આ બસમાં પરત ફરે છે. મહુવા જાફરાબાદ ૬ વાગ્યે સવારના એસ.ટી. બસ ચાલતી હતી આ બસને કોઈ અકલ કારણોસર બંધકરી દેવામાં આવી છે જાફરાબાદથી સવારના મેજીક, ઈકો, ટેમ્પા, પ્રાઈવેટ વાહનો ભરીને લોકો વધુ ભાડું ચુકવીને અકસ્માતના ભય વચ્ચે મહુવા જાફરાબાદ, જાફરાબાદ, મહુવાની મુસાફરી કરી રહ્યા છે. એસ.ટી. તંત્ર મોટી આવક ગુમાવી રહીં છે. આ કુદરતી ન્યાય અને સિદ્ધાંતના વિરૂદ્ધ છે. જે અતિશય ગુનાહિત બાબત છે. લોકોના માનવ અધિકારોનો ભંગ થાય છે. લોકો પારાવાર હાડમારી વેઠવી રહ્યા છે. આ બસને ચાલું કરવા માટે કંઈ સમસ્યા નડે છે ? તે સમજાતું નથી આ અંગે ડેપો મેનેજર મહુવાને વારંવાર રજૂઆત કરવામાં આવી


તસ્વીર : ભરત બારૈયા-જાફરાબાદ

છત્તા પણ ધ્યાન પણ લેવામાં આવતું નથી અને તેઓ કહે છે કે અમને ઉપરથી મજુરી મળતી નથી એસટી તંત્રએ જનતા ને મળતી સુવિધા છિનવી લીધી છે. એસટી તંત્રના અણઘડ વહીવટથી મુસાફર જનતા હેરાન થઈ છે.એસટી લોકોની સુવિધા માટે ચાલે છે નહીં કે લોકોને ત્રાસ આપવા માટે જો આ બાબતે લોકોને ન્યાય આપવામાં નહીં આવેતો જાફરાબાદની જનતા એન. એસ. યુ.આઈ. નાગરિક સમિતિ, વેપારી એસોસિયેશન, અને જુદી જુદી સંસ્થાઓ મળીને ઉગ્ર આંદોલનના મંડાણ કરશે અને મહુવા અભ્યાસ કરવા જતાં વિધાર્થીઓ પણ બસ રોકો ચક્કાજામ, જેવા કે સંવિધાનની આર્ટિકલ ૧૯, આપેલા અધિકારોનો ઉપયોગ કરીને એસટી સામે આંદોલન કરવામાં આવશે

આ બસને દિવસ પાંચમાં સંચાલન નહીં કરવામાં આવેતો સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ આર્ટિકલ ૨૨૬માં આપેલ અધિકાર મુજબ હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી પી.આઈ.એલ. દાખલ કરવામાં આવશે તેની સંપૂર્ણ જવાબદારી એસ.ટી. તંત્રની રહે છે. બસ જાફરાબાદથી મહુવા સવારના ૬. કલાકે બસ ચલાવી ઉપરોક્ત અમારી માંગણીને ધ્યાનમાં લેવા માંગ કરાઈ છે.

## પૂર્વ સાંસદ દિલીપ સંઘાણીનાં પી.એ. સ્વ. એ.ટી. જોષીનાં ધર્મપત્નીનું નિધન

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મ સમાજનાં આગેવાન અને પૂર્વ સાંસદ દિલીપ સંઘાણીનાં પુર્વ પી.એ. એ.ટી. જોષીનાં ધર્મપત્ની ગં.સ્વ. શારદાબેન એ. જોષીનું આજરોજ તા. ૨૨/૮/૨૦૨૩, બુધવારનાં રોજ સવારનાં ૯:૦૦ કલાકે તેમના નિવાસસ્થાન પોસ્ટલ સોસાયટી, ચિતલ રોડ, અમરેલી ખાતેથી નિકળીને ગાયત્રી મોક્ષધામ, કામનાથ મંદિર પાસે જશે.તેમ તેમના પત્રો ભરતભાઈ એ.



જોષી, બીપીનભાઈ એ. જોષી અને રાજુભાઈ એ. જોષીએ અવસાન નોંધ યાદીમાં જણાવેલ છે.

### જાગૃત્ત નાગરિકોએ વિસ્તૃત પત્ર પાઠવીને જનહિતમાં નિર્ણય કરવા માંગ કરી

## રાજુલાનાં જાહેરબાગમાં અર્બન દવાખાનું અને કોમ્યુનિટી હોલ બનાવવા ચીફ ઓફિસરને રજૂઆત

### સ્થાનિક પદાધિકારીઓએ પણ આ મામલે દરમિયાનગીરી કરવી જરૂરી

અમરેલી, તા. ૨૨

રાજુલાનાં કનુભાઈ દુધરેજિયા, બળવંતભાઈ મકવાણા અને એડવોકેટ ભાવેશભાઈ વાઘેલાએ ચીફ ઓફિસરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, રાજુલા શહેરમાં વર્ષો પહેલા અહીનાં મહાજનો ધ્વારા જન વિહાર માટે ત્રણ બગીચાઓ બનાવવામાં આવેલ હતા. (૧) મહિલા વાટીકા (તત્વ જયોતી) પાસે, (૨) તુલસીબાગ (ટાવર) પાસે, (૩) જવાહર બાગ (આગરીયા રોડ) પાસે એ વખતે રાજુલામાં આટલા રહેણાંક મકાનો અને વસ્તી ન હતી. યાર્ડ પાસે અને ભેરાઈ રોડ ઉપર કોઈ સોસાયટીઓ હતી જ નહીં, મેઈન બજાર, હોળીયા હનુમાનજીથી શાકમાર્કેટ સુધી હતી આજે રાજુલાનો વિકાસ થતા નથવી ઘણી સોસાયટીઓ બની છે. અત્યારે તુલસી બાગ શહેરની મધ્યમાં આવી ગયેલ છે. તો હાલની જરૂરિયાત મુજબ ત્યાં પ્રસંગ હોલ બનાવવા આવે કારણ કે હરવા-ફરવાનું સ્થળ શહેરથી થોડે દુર હોવું જોઈએ. તો લગ્નવિધિ, જમણવાર, વિદાય સમારંભ, જન્મદિવસ ઉજવણી, બેસણું, ફંકશન, પાર્ટી જેવા પ્રસંગો હોલ બને તો થઈ શકે. પાલિકા પોતે સંચાલન કરે કે ઈજારો આપે તો સારી આવક થાય એમ છે. નાના પ્રસંગો માટે મધ્યમ માણસોને લકઝરી હોલ કે સમાજ વાડીનું ભાડું પોસાય નહી એટલે હોલ થાય તો વ્યાજબી ભાવે અને સલામત સ્થળે પ્રસંગ થઈ શકે. હાલ મોટાભાગના શહેરોમાં પાલિકા સંચાલિત હોલ બનાવવામાં આવ્યા છે. દાતાઓની મંજૂરી લઈ હેતુફેર કરી કાયદા અનુસાર એજ જગ્યા એ જ નામ રાખી શકાય જેથી દાતાનું સન્માન પણ જળવાઈ રહે.

બીજું તત્વ જયોતી પાસે આવેલ મહિલા વાટીકા હાલમાં સાવ ખાલી અને મોટી જગ્યા છે. જરૂરિયાત પ્રમાણે રૂમો, વાહન પાર્કિંગ વિગેરે સુવિધા થાય એમ છે. સામે જ દેવીપૂજક સમાજ, ખેતા ગાળો, મફતપરા વિસ્તાર એમ તમામ મધ્યમ અને મજૂર વર્ગ રહે છે. અંદાજે પચાસ હજારની વસ્તે હશે. સરકારની યોજના પણ છે અને સરકાર પણ એવું ઈચ્છે છે કે છેવાડામાં રહેતો માણસ પણ સારવારથી વંચિત ન રહે એટલે નેશનલ હેલ્થ મિશન અંતર્ગત આ માળખાને સુદ્રઢ બનાવી રાજયમાં માતા આરોગ્ય, બાળ આરોગ્ય, રસીકરણ, કુટુંબ કલ્યાણ સેવાઓ, બિન સંચારી રોગોના નિદાન જેવી સેવાઓ મળી રહે આ માટે રાજુલામાં રહેતા સામાજિક કાર્યકરોએ વખતો-વખત ૨૦૧૮થી ૨૦૨૩ સુધી તાલુકા આરોગ્ય અધિકારીને રજૂઆત કરતાં રહ્યા છે. વહેલ મંજૂરી પણ મળે અથવા તો મળી પણ ગઈ હોય. હાલ સ્થળનો પ્રશ્ન હોય તો હાલમાં આ વાટીકાની પાછળ જ પાલિકાની માલિકીનું બાલમંદિર મકાન આવેલ છે. વૈકલ્પીક સુવિધા એ મકાનમાં કરવામાં આવે જેથી ખાનગી મકાન ભાડે ન રાખવું પડે અને પછી આ ખાલી પડેલ મહિલા વાટીકામાં બાંધકામ કરવામાં આવે તો કાયમી સુવિધા થઈ જાય એમ છે. તો આ બાબતે અંગત રસ લઈ વહેલાસર આ બંને બગીચાઓમાં ઉપરોકત સુવિધા ઉભી કરવા અંતમાં માંગ કરેલ છે.

### તા. ૩૧ ઓગષ્ટ-૨૦૨૩ સુધીમાં ઓનલાઈન અરજી કરવી

## સાવરકુંડલા આઈ.ટી.આઈ. ખાતેનાં વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવો

અમરેલી, તા.૨૨

સાવરકુંડલા આઈ.ટી. આઈ ખાતે વિવિધ અભ્યાસક્રમો શરૂ છે. તા.૩૧ આગસ્ટ, ૨૦૨૩ સુધી ચોથા રાઉન્ડના અંતે ખાલી રહેતી બેઠકો પર પ્રવેશ ફોર્મ ભરી શકાશે. https://itiadmission.gujarat.gov.in પરથી ફોર્મ ભરવાનું રહેશે. આ ઉપરાંત રૂા.૫૦ રજીસ્ટ્રેશન ફી સાથે જરૂરી પ્રમાણપત્રો સહિત પરત જમા કરાવવાનું રહેશે, તેમ સાવરકુંડલા આઈ.ટી.આઈ.ના આચાર્યની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### શિક્ષણ ક્ષેત્રના વ્યકિતને મહત્વની જવાબદારી મળી

## અમરેલીના યુવા કેળવણીકાર હસમુખ પટેલની રાજય સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળના મંત્રી તરીકે વરણી

### તમામ જિલ્લાના પ્રમુખ અને હોદ્દેદારોએ શુભેચ્છા પાઠવી

અમરેલી, તા. ૨૨

ગત રવિવાર અમદાવાદ ખાતે ગુજરાત રાજય સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળની કારોબારી સભા મળેલ. જેમાં અમરેલી જિલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખ યુવા કેળવણીકાર હસમુખ પટેલને ગુજરાત રાજય સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળના મંત્રી તરીકે નિયુકત કરવામાં આવ્યા.

ગુજરાત રાજયના ચાર ઝોનમાં સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાત ઝોનના સંગઠનનો સ્વતંત્ર કારભાર હસમુખ પટેલને સોંપવામાં આવ્યો.

ગુજરાત રાજય શાળા



સંચાલક મહામંડળના પ્રમુખ ભરતભાઈ ગાજીપરા તેમજ મહામંત્રી રાજેશભાઈ નાકરાણી નવ નિયુકત સંગઠન મંત્રી તરીકેનો ચાર્જ હસમખભાઈ પટેલને સોંપતા સન્માનિત કર્યા હતા.

સમગ્ર રાજયમાંથી પધારેલા તમામ જિલ્લાના પ્રમુખ અને હોદ્દેદારોની હાજરીમાં કારોબારી અને સાધારણ સભા સંપન્ન થઈ હતી.

# સા.કુંડલામાં હિન્દુ યુવા સંગઠન દ્વારા કાન્હા પેઈન્ટિંગ સ્પર્ધા યોજાઈ






સાવરકુંડલામાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ પ્રેરિત હિન્દુ યુવા સંગઠન દ્વારા આયોજિત જન્માષ્ટમી મહોત્સવ ૨૦૨૩ ૧૦૮ કાનુડા સાથે વિરાટ શોભાયાત્રા કાઢવામાં આવશે. જે અંતર્ગત આજે તા.૨૦/૮/૨૦૨૩ રવિવારના રોજ ધોરણ ૧ થી કોલેજ સુધીનાં વિદ્યાર્થીઓ માટે ૪ કેટેગરીમાં ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૮૦ સ્પર્ધકોએ કાન્હા પેઈન્ટિંગ કોમ્પિટિશનમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ તમામ સ્પર્ધકો દ્વારા અલગ અલગ ભગવાન શ્રીકૃષ્ણનાં ચિત્રો બનાવવામાં આવ્યાં હતાં. આ સ્પર્ધાના આયોજનમાં પૂ.ભકિતબાપુએ ઉપસ્થિત રહીને તમામ સ્પર્ધકોનો ઉત્સાહ વધારનાર તમામનું હિન્દૂ યુવા સંગઠનનાં સભ્યો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું અને તમામ સ્પર્ધકોને જન્માષ્ટમીનાં દિવસે ઈનામ વિતરણ કરવામાં આવશે અને હિન્દૂ યુવા સંગઠન દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું અને ૧૫૦ અને ૨૦૦ કિલોમીટર દૂરથી બહારગામનાં વિદ્યાર્થીઓએ પણ ચિત્ર સ્પર્ધામાં ભાગ લઈને પોતાની કલા લોકો સમક્ષ રજુ કરી હતી. તમામ કાર્યક્રમનું સંચાલન પંકજભાઈ ચૌહાણ અને જતીનભાઈ બંજારા દ્વારા કરવામાં આવ્યું હતું. આ ચિત્ર સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ભાવેશભાઈ બોરીસાગરએ સેવા આપી હતી.

## વર્તમાન પ્રમુખની મુદ્દત પૂર્ણ થતી હોય આગામી અઢી વર્ષ માટે પ્રમુખ બનવા થનગનાટ

# ઓહોહો : સાવરકુંડલા પાલિકા પ્રમુખ માટે અર્ધો ડઝન દાવેદારો

**પાલિકા પ્રમુખની મલાઈદાર ખુરશી પર બેસવા માટે ભાજપનાં અર્ધો ડઝન નગરસેવકો નેતાઓની આગળ-પાછળ ફરે છે**

**નિષ્ઠાવાન, દીર્ઘદ્રષ્ટા અને શહેરનો વિકાસ કરી શકે તેવા નગરસેવકની પસંદગી થાય તેવું શહેરીજનો ઈચ્છે છે**

**આગામી દિવસોમાં નગરસેવકોને સહેલગાહે લઈ જવામાં આવે તો પણ નવાઈ પામવા જેવું નહી રહે**

**ભાજપ હાઈકમાન્ડ કોના પર પસંદગીનો કળશ ઢોળશે તેના પર શહેરનાં એક લાખ નાગરિકોની નજર મંડાયેલી છે**

સાવરકુંડલા, તા. ૨૨

સાવરકુંડલા નગરપાલિકાનાં પ્રમુખ પદનાં અઢી વર્ષના શાસનકાળ સમાપ્ત થવાને આરે આવીને ઉભો છે. આગામી ૧૪ સપ્ટેમ્બરનાં દિવસે સ્પષ્ટ બહુમતી ધરાવતી સાવરકુંડલા પાલિકાનાં પ્રમુખ તૃપ્તિબેન રાજુભાઈ દોશી પ્રમુખ પદનો છેલ્લો દિવસ હશે. ત્યારે આગામી પાલિકાનાં નવા પાલિકા પ્રમુખ કોણ તેને લઈને અનેક અટકળો વચ્ચે નેતાઓને વ્હાલા થવાની દોડ જોવા મળી રહી છે ને કોણ પાલિકાના પ્રમુખ પદે બિરાજે છે તેના પર સાવરકુંડલાવાસીની મીટ મંડાયેલી છે. ત્યારે સાવરકુંડલા નગરપાલિકાની ૨૦૨૦ની ચૂંટણીમાં ભાજપનું બુલડોઝર ફરી વળ્યું હતું ને ૩૬માંથી ૩૧ બેઠકો પર કબ્જો કરીને પાલિકાની સત્તા ભાજપે અંકે કરી લીધી હતી ને વિકાસની હારમાળા વચ્ચે આગામી ૧૪ સપ્ટેમ્બરે પાલિકા પ્રમુખની વિદાઈ બાદ નવા પાલિકા પ્રમુખ સ્પષ્ટ બહુમતી ધરાવતી ભાજપ શાસિત પાલિકાના પ્રમુખ બિરાજે તે ૧૦૦ ટકા છે. પણ કોણ પાલિકાનાં પ્રમુખ બને તે મહત્વનું હોય. ત્યારે રાજકીય નેતાઓને વ્હાલા થવાની દોડ અત્યારે જોવા મળી રહી છે ને રાજકીય નેતાઓના કાર્યાલય ખાતે ઈચ્છુક પાલિકા પ્રમુખ બન્યા પહેલાના દીવા સ્વપન જોઈ રહ્યા હોવાની પ્રતીતિ જોવા મળી રહી છે. ત્યારે દરેક નિર્ણયો શિસ્તબદ્ધ ગણાતી ભારતીય જનતા પક્ષ પ્રદેશ કક્ષાએથી નામના સૂચનો કરતા હોય ને તેમાં સ્થાનીક નેતાઓની, ભાજપ સંગઠનની ચાવી રૂપ ભૂમિકાઓ હોય. ત્યારે સંગઠનના મોભીઓ અને પક્ષના સર્વે સર્વા ગણાતા અગ્રણી નેતાઓ આગળ પાછળ અમુક પાલિકાના સભ્યો વ્હાલા થવાની નીતિઓ સમયને આધીન ગોઠવાઈ ગયા છે. ત્યારે સાવરકુંડલા શહેરને વિકાસના આકાશે આંબવા માટે સક્ષમ, સશકત અને કર્તવ્ય નિષ્ઠ પાલિકા પ્રમુખ પદે બિરાજે તો સાવરકુંડલા શહેરની શકલ અને સુરત બદલે તેવા પાલિકા પ્રમુખ આવે તેવું શહેરીજનો ઈચ્છી રહ્યા છે. પણ હાલ તો પાલિકા પ્રમુખ બનવા માટે અમુક સભ્યો એડીચોટીનું જોર લગાવી રહ્યા છે ને સમાજના અગ્રણીઓના લોબિંગ પણ ખાનગીમાં નેતાઓ સુધી કરાવી રહ્યા હોવાના વાવડો મળી રહ્યા છે. ત્યારે પાલિકા પ્રમુખનો તાજ આગામી દિવસોમાં કોના શિરે આવે તે તો સમય જ કહેશે. પણ હાલ પાલિકા પ્રમુખ બનવાના મુરતિયા અડધો ડઝન જેટલા લાઈનમાં હોવાની સ્થાનીક સૂત્રોમાંથી મળી રહી છે ને દરેક પાલિકા પ્રમુખ બનવાના ઈચ્છુક ઉમેદવારો ચોગઠાં ગોઠવી રહ્યા છે ને આગામી દિવસોમાં ભૂગર્ભમાં સદસ્યો જાય તેવા સમીકરણો હાલ આકાર લેતા હોવાની વિગતો જાણવા મળી રહી છે.

### બજાજ ફાયનાન્સ કંપનીએ લોન આપી હતી

# બાબરામાં એરકંડીશન ખરીદનાર ગ્રાહકનું હાર્ટ એટેકથી નિધન થતા ૫૦ હજારનો વીમો ચુકવાયો

**અંકુર મોબાઇલ શોપનાં માલીકે પુરતી મદદ કરી**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૨

બાબરામાં અંકુર મોબાઈલ અને ઈલેકટ્રોનિક ચીજવસ્તુઓનો શો–રૂમ ધરાવતા અંકુરભાઈ જસાણીના શોપ પરથી બાબરામાં રહેતા વાહીદભાઈ રહીમભાઈ ચોટલીયાએ થોડા દિવસો પહેલા ઈલેકટ્રોનિક આઈટમ એરકંડીશનની ખરીદી કરેલ હતી જેનું ફાયનાન્સ બજાજ ફાયનાન્સ કંપની બાબરા શાખા દ્વારા કરવામાં આવ્યું હતું.

આશરે ૩૮ હજાર કિંમતના એર કન્ડિશનર પર અંકુર મોબાઈલ શોપના માલિક દ્વારા જે તે સમયે વાહીદભાઈ ચોટલીયા પાસે અકસ્માત વીમા પોલિસી બજાજ ફાયનાન્સમાં લેવામાં આવી હતી.

જેમાં વારસદાર તરીકે વાહિદભાઈના પિતા રહીમભાઈ મુસાભાઈ ચોટલીયાનું નોમિનેટ કરેલ હતું એરકંડીશનની ખરીદીના ત્રણ મહિનામાં વાહીદભાઈનું હૃદયરોગના હુમલાના કારણે નિધન થતા પરિવારને મોટી ખોટ પડી હતી.

ત્યારે અંકુર મોબાઈલ શોપના માલિક અંકુરભાઈ જસાણી દ્વારા આ વાતની જાણ થઈ ત્યારે તેઓ દ્વારા ચોટલીયા પરિવારને જાણ કરી જણાવ્યું કે જે ખોટ પડી તે કાયમ રહેવાની છે પણ વાહીદભાઈનો વીમો અમારે ત્યાંથી એ.સી.ની ખરીદીમાં લેવામાં આવેલ છે. જેમાં ૫૦ હજારનો વીમો મળી શકે તેમ છે.

આ સઘળી વિગતથી સમગ્ર પરિવાર અજાણ હતો ત્યારે એક મોબાઈલના શોપના માલીક દ્વારા પરિવારને આર્થીક મદદ કરવાની ભાવનાથી તમામ પ્રોસેસ બજાજ ફાયનાન્સ પાસે ત્વરિત પૂર્ણ કરાવી પરિવારને વીમો મળે તેમાં પૂર્ણ સહકાર આપવામાં આવ્યો હતો અને વીમાનો ચેક વાહીદભાઈના વારસદાર રહીમભાઈ મુસાભાઈ ચોટલીયાને મોબાઈલ શો–રૂમના માલિક અંકુરભાઈ જસાણીના વરદહસ્તે અર્પણ કરવામાં હતો.

શો–રૂમના અંકુરભાઈ જસાણી અને બજાજ ફાયનાન્સના કેવિનભાઈ ડાબલાની ઉપસ્થિતમાં તેમના હસ્તે ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

ચોટલીયા પરિવારને વીમાનું વળતર આપવામાં પૂરતો સહકાર અને માર્ગદર્શન આપવા બદલ પરિવાર દ્વારા મોબાઈલ શોપના માલિક અંકુરભાઈ જસાણી અને બજાજ ફાયનાન્સનો આભાર વ્યકત કર્યો હતો.


તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
▪ડોલ (૨૫ લી.) ▪પાટલો ▪ ટમ્બલર
▪સોપ હોલ્ડર ▪ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/–માં
નવા વર્ષના પંચાંગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬


# સા.કુંડલા : ચમેલીગીરીબાપુ આશ્રમનાં મહંત ગંગાગીરીબાપૂ દેવલોક પામ્યા



સાવરકુંડલા, તા. ૨૨

સાવરકુંડલા મૂળ બાઢડા સ્થિત ચમેલિગીરીબાપુ આશ્રમનાં મહંત ગંગાગીરીબાપુ દેવલોક પામ્યાં છે. છેલ્લાં ઘણા વર્ષોથી આ આશ્રમ મહુવા રોડ રેલ્વે ફાટક નજીક છે. આ દુઃખદ અવસાનનાં સમાચાર ફેલાઈ જતા સારાયે સેવક સમાજમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. જેમ જેમ ખબર ફેલાતા ગયા તેમ તેમ ભકતોનો પ્રવાહ આશ્રમ તરફ જવા લાગ્યો હતો. સ્વર્ગસ્થ મહંતનાં પાર્થિવ દેહને આશ્રમમાં જ સમાધિ આપવામાં આવશે.

### કોંગ્રેસપક્ષમાં કોઈ રાજકીય ભવિષ્ય ન દેખાતા

# જિલ્લા પંચાયતની ન્યાય સમિતિનાં પુર્વ ચેરમેન રાજેશ દામોદરાએ કેસરીયો ધારણ કર્યો

**અનેક ટેકેદારો સાથે કોંગ્રેસને બાય બાય કર્યું**





અમરેલી, તા.૨૨

અમરેલી જિલ્લા પંચાયતની ન્યાય સમિતિનાં પુર્વ ચેરમેન રાજેશ દામોદરાએ તેમનાં ટેકેદારો સાથે કોંગ્રેસનો પંજો છોડીને ભાજપનાં કેસરીયો ધારણ કર્યો છે.

કુંકાવાવ તાલુકાનાં લુણીધાર ગામે સાંસદ નારણભાઈ કાછડીયા એન ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાની અધ્યક્ષતામાં વિવિધવતરી તે ભાજપમાં કેસરિયો ધારણ કરીને જોડાયા હતા. જેની સાથે તાલુકા પંચાયતના સભ્ય મુકેશભાઈ સોલંકી ગ્રામ પંચાયત સદસ્ય અજયભાઈ સોલંકી તાલુકા કોંગ્રેસ બક્ષીપંચના મહામંત્રી અજયભાઈ લિંબડીયાએ પણ કેસરિયો ધારણ કરીયાો હતો. જે કાર્યક્રમમાં તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલભાઈ અંટાળા તાલુકા ભાજપ પ્રમુખ અનુ.જાતિ મોર્ચા ભરતભાઈ મયાત્રા ન્યાય સમિતિ મુકેશભાઈ બગડા, જિલ્લા પંચાયત સદસ્ય શામજીભાઈ મહીડા તાલુકા પંચાયત કારોબારી ચેરમેન પી.વી.વસાણી તાલુકા ભાજપ મહામંત્રી રમેશભાઈ સાકરીયા ચેરમેન આશિષભાઈ રાઠોડ અમરેલી તાલુકા પંચાયત સદસ્ય પ્રવિણભાઈ ચાવડા જિલ્લા ભાજપ અનુ.જાતિ મોર્ચા મહામંત્રી સંદીપભાઈ સોલંકી તેમજ ગ્રામ પંચાયતનાં ઉપચરપંચ દિનેશભાઈ સરધારા તેમજ ગામના મોટી સંખ્યામાં ભાઈઓ અને બહેનો તેમજ જુદા – જુદા ગામનાં સરપંચો અને લોકો મોટી સંખ્યામાંા જોડાયા હતા.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૧૦, પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



શ્રાવણ માસ નિમિતે ફરાળી વાનગીઓ
શીંગપાક
ટોપરાપાક
ગુલાબજાંબુ
સ્પે. માવાના પેંડા
ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો
બટેટા વેફર્સ
કેળા વેફર્સ
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૭૦૯૫૫








અમરેલી ખાતે તળપદા કોળી સમાજના લગ્નોત્સુક યુવક–યુવતીઓનો વેવિશાળ પરિચય સમારંભ
મહિલા તળપદા કોળી સેવા સમાજ અમરેલી દ્વારા તળપદા કોળી સમાજના લગ્નોત્સુક યુવક–યુવતિઓનો વેવિશાળ પરિચય સમારંભ તા. ૨૦/૦૮/૨૦૨૩ ના રોજ યોજાશે.
ભાગ લેનાર યુવક ધો. ૧૦ અથવા તો તેનાથી વધુ અભ્યાસ કરેલ હોવા જોઇએ તેમજ વેપાર કરતા, પોતાનું મકાન ધરાવતા અને ઓછામાં ઓછી ૨૦,૦૦૦/- આવક ધરાવતા યુવકો ફોર્મ ભરી શકશે.
યુવતીઓ માટે અભ્યાસ કે આવકને ધ્યાનમાં લેવામાં આવશે નહી. ફોર્મ અને માહીતી નીચેના સરનામે તા. ૧૭/૦૮/૨૦૨૩ સુધીમાં ફોર્મ મોકલી આપવા વિનંતી.
શ્રી આરતીબેન ગોહીલ, મો. ૯૪૦૯૩ ૧૩૬૪૪ (પ્રમુખ)
શ્રી પરશોતમભાઇ એન. મકવાણા, મો. ૯૪૨૮૭ ૯૮૬૪૭
શ્રી રમેશભાઈ આર. ડાભી, મો. ૯૧૦૪૪ ૧૯૬૪૧
શ્રી રામ એસ્ટેટ, જુના માર્કેટીંગ યાર્ડ અંદર 'હરિરામ' હોલસેલ માર્કેટ, દુ.નં. B/F–૧૩, પહેલો માળ, અમરેલી.















### ભારતનું ચંદ્ર મિશન ચંદ્રયાન-૩ હવે તેના અંતિમ તબક્કામાં

# ચંદ્રયાન-૩ આજે સાંજે ૬.૪૫ વાગે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર લેન્ડ કરશે

### ચંદ્રની સપાટીનો વીડિયો આવ્યો સામે, ચંદ્રયાન-૩ના લેન્ડિંગનું કાલે સાંજે ૫.૨૦ વાગ્યાથી લાઈવ પ્રસારણ

### ઈસરોએ લેન્ડર ઈમેજર કેમેરા ૪ થી લીધેલી તસવીરો એક નાના વીડિયોના માધ્યમથી ટ્વીટ કરીને જાહેર કરી

નવી દિલ્હી, તા.૨૨

ભારતનું ચંદ્ર મિશન ચંદ્રયાન-૩ હવે તેના અંતિમ તબક્કામાં છે. ઈસરોના વૈજ્ઞાનિકોની સાથે સાથે હવે દેશના લોકોના હૃદયના ધબકારા પણ વધી રહ્યા છે. આ દરમિયાન ઈસરોના ચેરમેન એસ સોમનાથે ૨૩ ઓગસ્ટના રોજ સફળ સોફ્ટ-લેન્ડિંગનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. એસ સોમનાથે કહ્યું આ આત્મવિશ્વાસ લોન્ચ પહેલાની તમામ તૈયારીઓ અને ચંદ્રની યાત્રામાં સંકલિત મોડ્યુલ અને લેન્ડિંગ મોડ્યુલ દ્વારા કરવામાં આવેલી મુશ્કેલી-મુક્ત પ્રગતિથી આવ્યો છે. અમને વિશ્વાસ છે કારણ કે અત્યાર સુધી બધું બરાબર છે અને આ સમય સુધી કોઈ આકસ્મિક પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો નથી.

ઈસરોના ચેરમેને વધુમાં કહ્યું, 'અમે તમામ તૈયારીઓ કરી લીધી છે અને આ તબક્કા સુધી તમામ સિસ્ટમોએ અમારી જરૂરિયાત મુજબ કામગીરી કરી છે. હવે અમે મલ્ટિપલ સિમ્યુલેશન, વેરિફિકેશન અને સિસ્ટમ્સની ડબલ વેરિફિકેશન સાથે લેન્ડિંગની તૈયારી કરી રહ્યા છીએ, સાધનોના સિસ્ટમની તપાસ કરવામાં આવી રહી છે.

હવે દુનિયાની નજર ચંદ્રયાન-૩ના લેન્ડિંગ પર છે. કારણ કે રશિયાનું ચંદ્ર મિશન લુના-૨૫ ચંદ્ર સાથે અથડાયા બાદ ક્રેશ થયું હતું. વર્ષ ૨૦૧૯ અને ૨૦૨૩ વચ્ચેના ચાર મૂન લેન્ડિંગ મિશનમાંથી ત્રણ નિષ્ફળ ગયા છે. ચીનના ચાંગ-ઈ-૫ સિવાય, અન્ય તમામ - ઈઝરાયેલનું બેરેશીટ, જાપાનનું હાકુટો-આર, ભારતનું ચંદ્રયાન-૨ અને હવે રશિયાનું લુના-૨૫ - આ સમયગાળામાં લેન્ડિંગના પ્રયાસો નિષ્ફળ ગયા છે. એસ સોમનાથે એ પણ પુષ્ટિ કરી કે ચંદ્રયાન-૨ના ઓર્બિટર સાથે લેન્ડિંગ મોડ્યુલને જોડવાનું જટિલ કાર્ય પૂર્ણ થઈ ગયું છે. જે ૨૦૧૯થી ચંદ્રની પરિક્રમા કરી રહી રહ્યું છે. તેમણે કહ્યું, 'ચંદ્રયાન-૨ ઓર્બિટર સાથે લેન્ડરને જોડવાનું પરીક્ષણ અને ચકાસણી પૂર્ણ થઈ ગઈ છે'. ઈસરોએ પાછળથી જણાવ્યું કે આનાથી લેન્ડર અને ચંદ્રયાન-૨ ઓર્બિટર વચ્ચે દ્વિ-માર્ગી સંચાર થઈ ગયો છે.

ચંદ્રયાન-૩ લેન્ડર ચંદ્રની સપાટી પર લેન્ડીંગના એક દિવસ પહેલા ઈસરોએ જણાવ્યું હતું કે, ચંદ્રયાન-૩ મિશન નિર્ધારિત સમય મુજબ આગળ વધી રહ્યું છે. સ્પેસ એજન્સીએ કહ્યું કે, 'ઈસરોટેલિમેટ્રી, ટ્રેકિંગ એન્ડ કમાન્ડ નેટવર્ક' (ઈસટ્રેક)માં સ્થિત 'મિશન ઓપરેશન્સ કોમ્પ્લેક્સ'માં ઉત્સાહનું વાતાવરણ છે. ભારતના ચંદ્ર પરના ત્રીજા મિશન વિશે નવીનતમ માહિતી આપતા ઈસરોએ કહ્યું કે ' મિશન સમયગાળા મુજબ આગળ વધી રહ્યું છે. સિસ્ટમનું નિયમિત ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. કામગીરી સરળતાથી ચાલી રહી છે.ઈસરોએ જણાવ્યું કે, ચંદ્રયાન-૩નું મોક્સ/ઈસ્ટ્રેકપરથી ચંદ્રની સપાટી પર લેન્ડિંગનું લાઈવ પ્રસારણ આવતી કાલે સાંજે ૫.૨૦ વાગ્યાથી શરૂ કરવામાં આવશે. લેન્ડર (વિક્રમ) અને રોવર (પ્રજ્ઞાન) નો સમાવેશ કરતું લેન્ડર મોડ્યુલ બુધવારે સાંજે ૬.૪૫ વાગ્યે ચંદ્રની સપાટીના દક્ષિણ ધ્રુવીય ક્ષેત્રની નજીક લેન્ડીંગ કરે તેવી અપેક્ષા છે.

ચંદ્રયાનના લેન્ડરે લગભગ ૭૦ કિલોમીટરનું અંતર કાપ્યું છે. લેન્ડર પોઝિશન ડિટેક્શન કેમેરા (એલપીડીસી)ની ઊંચાઈ પરથી ચંદ્રની કેટલીક તસવીરો મોકલવામાં આવી છે, જેને ઈસરો દ્વારા શેર કરવામાં આવી છે.ભારતના ચંદ્રયાન-૩ની ૨૩ ઓગસ્ટે થનારી સોફ્ટ લેન્ડિંગ પહેલા તેના લેન્ડરમાં લાગેલા કેમેરાએ ચંદ્રની તસવીરો લીધી છે. ઈસરોએ લેન્ડર ઈમેજર કેમેરા ૪થી લીધેલી તસવીરો એક નાના વીડિયોના માધ્યમથી ટ્વિટ કરીને જાહેર કરી છે. વીડિયોમાં ચંદ્રની સપાટી ઘણી પ્રકાશિત નજરે પડી રહી છે, જેમાં ઠેક ઠેકાણે ખાડા પણ જોવા મળી રહ્યા છે. ચંદ્રયાન-૩ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર લેન્ડ કરશે.

### તાપમાનમાં વધારો થતાં ભેજવાળી ગરમીથી લોકો પરેશાન થયા છે

# ઘણા રાજ્યોમાં આગામી ૫ દિવસ સાંબેલાધાર વરસાદ પડશે

નવી દિલ્હી, તા.૨૨

રાષ્ટ્રીય રાજધાનીમાં મંગળવારે, ૨૨ ઓગસ્ટના રોજ હળવા વરસાદ સાથે વીજળી પડવાની સંભાવના છે. આ સિવાય ૨૩ ઓગસ્ટ બુધવારે પણ ભારે વરસાદની સંભાવના છે.

૨૪ ઓગસ્ટ, ગુરુવારથી હવામાન સાફ થવાની ધારણા છે, જેના કારણે તાપમાનમાં વધારો થઈ શકે છે. તેમજ મંગળવારે દિલ્હીનું મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૭ ડિગ્રી સેલ્સિયસ રહેવાની ધારણા છે. મધ્યપ્રદેશમાં પણ ૧૫ ઓગસ્ટથી વરસાદની મોસમ શરૂ થઈ ગઈ છે.

ચોમાસું ફરી એકવાર સક્રિય થવાને કારણે, મંગળવાર, ૨૨ ઓગસ્ટના રોજ રાજ્યના ઘણા જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની અપેક્ષા છે.

છત્તીસગઢમાં પણ વરસાદની સંભાવના છે. મંગળવાર, ૨૨ ઓગસ્ટના રોજ રાજસ્થાનના કેટલાક જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની અપેક્ષા છે. રાજ્યના જોધપુર, બિકાનેર, ઝાલાવાડ, પાલી સહિત અનેક વિસ્તારોમાં વીજળીના કડાકા સાથે હળવો વરસાદ પડી શકે છે.

ઉત્તર પ્રદેશમાં છેલ્લા ઘણા દિવસોથી હળવો વરસાદ પડી રહ્યો છે, જેના કારણે રાજ્યમાં ભેજવાળી ગરમીએ લોકોને પરેશાન કરી દીધા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ઉત્તરાખંડમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

રાજ્યમાં થઈ રહેલા ભૂસ્ખલનના કારણે ઘણા રસ્તાઓ બંધ થઈ ગયા છે. હવામાન વિભાગે મંગળવાર, ૨૨ ઓગસ્ટના રોજ રાજ્યના ઘણા જિલ્લાઓમાં ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે, જેના કારણે રાજ્યના ઘણા જિલ્લાઓમાં યલો અને ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. IMD અનુસાર, આગામી પાંચ દિવસમાં પૂર્વોત્તર રાજ્યોમાં ભારે વરસાદની સંભાવના છે.

આસામમાં ભારે વરસાદને કારણે ચેતવણી જારી કરવામાં આવી છે. રાજ્યમાં પૂર જેવી સ્થિતિ પણ સર્જાઈ શકે છે. ઉત્તર-પૂર્વના રાજ્યોમાં ઘણી જગ્યાએ ભારે વરસાદની સંભાવના છે.

આ સિવાય તેલંગાણા, મરાઠવાડા, સિક્કિમ, અરુણાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, બિહાર, ઝારખંડ, ગંગા પશ્ચિમ બંગાળ, ઓડિશા, તટીય આંધ્રપ્રદેશ, આંતરિક કર્ણાટક, કેરળમાં હળવો વરસાદ પડી શકે છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે ઉત્તર પ્રદેશ, બિહાર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના કેટલાક ભાગોમાં મધ્યમથી ભારે વરસાદની સંભાવના છે. તે જ સમયે, મધ્યપ્રદેશના કેટલાક ભાગોમાં હળવાથી ભારે વરસાદ થઈ શકે છે.

આ સિવાય પૂર્વોત્તર ભારત, ઓડિશા અને ગંગાના પશ્ચિમ બંગાળના ઘણા વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ અને એક-બે જગ્યાએ ભારે વરસાદની શક્યતા છે. આ સાથે ઉત્તર પશ્ચિમ ભારત અને દક્ષિણ ભારતમાં કેટલાક સ્થળોએ છૂટાછવાયા વરસાદની સંભાવના છે.

### ગદર-૨ની સફળતાએ સનીને સાંસદ તરીકેની નિષ્ફળતા યાદ અપાવી

# હવે કોઈ જ ચૂંટણી લડવાનો સની દેઓલનો સ્પષ્ટ ઈનકાર

### ગદર-૨ ૪૦૦ કરોડની ક્લબ તરફ આગળ વધી રહી છે ત્યારે અભિનેતાના આ નિવેદનથી ભાજપને આંચકો

મુંબઈ, તા.૨૨

ગદર ૨ ફિલ્મને અપાર સફળતા મળવાથી ખુશ અભિનેતા સની દેઓલે પોતાના રાજકીય સફર અંગે મોટુ નિવેદન આપ્યુ છે. તેમણે કહ્યુ કે હું હવે કોઈ ચૂંટણી લડવા માંગતો નથી. અત્યારે લોકો ગદર ૨ ના ખૂબ વખાણ કરી રહ્યા છે. ફિલ્મના હીરો સની દેઓલની એક્ટિંગની પણ ખૂબ પ્રશંસા થઈ રહી છે.

આ દરમિયાન સની દેઓલે ૨૦૨૪માં થનારી લોકસભા ચૂંટણીમાં ચૂંટણી લડવાના પ્રશ્ન પર પ્રતિક્રિયા આપી છે, જે ખૂબ ચર્ચામાં છે. અભિનેતા સની દેઓલે કહ્યુ, અભિનેતા બની રહેવુ જ મારી ચૂંટણી છે. મને લાગે છે કે હું એક્ટર તરીકે દેશની સેવા કરુ, જે હું કરતો આવ્યો છું. હું હવે કોઈ ચૂંટણી લડવા માંગતો નથી.

સની દેઓલે કહ્યુ, એક્ટિંગની દુનિયામાં મારુ જે મન કરે, તે હું કરી શકુ છુ પરંતુ રાજકારણમાં જો હું કેટલીક કમિટ કરી દઉં અને તેને પૂરી ન કરી શકુ તો મારાથી તે સહન નથી થતુ. હુ એવુ કરી શકતો નથી. સાંસદ તરીકે ગૃહમાં સની દેઓલની હાજરી માત્ર ૧૯ ટકા છે, તે અંગે ભાજપ સાંસદ સની દેઓલે કહ્યુ, જ્યારે હું સંસદ જાવ છુ તો જોઉં છુ કે ત્યાં દેશ ચલાવનાર લોકો બેઠા છે. તમામ પાર્ટીઓના નેતા બેઠા છે.

આ સિવાય તેમણે કહ્યુ કે જ્યારે હું એ જોઉં છુ તો લાગે છે કે હું એવો નથી. આનાથી શ્રેષ્ઠ તો એ છે કે હું ક્યાંક બીજે જતો રહુ. સાથે જ તેમણે એ પણ કહ્યુ કે હું હવે કોઈ ચૂંટણી લડવા માંગતા નથી. આ અત્યારે સની દેઓલની ફિલ્મ ગદર ૨ કમાણીના મામલે ધૂમ મચાવી રહી છે. પઠાન બાદ હવે ગદર ૨ પણ ૫૦૦ કરોડના ટાર્ગેટને પાર કરવા માટે તૈયાર નજર આવી રહી છે. સની દેઓલની ગદર ૨ એ ૧૦ દિવસમાં એવી કમાલ કરી નાખી છે, જેની આશા પણ કોઈને નહોતી. ગદર ૨ એ ૮ દિવસમાં જ ૩૦૦ કરોડનો આંકડો પાર કરી દીધો હતો.

### સિંગતેલને લઇને રાહતના સમાચાર

# સિંગતેલના ભાવમાં ૫૦થી ૬૦ રૂપિયાનો ઘટાડો થયો

### જન્માષ્ટમી પર હજુ ભાવમાં ઘટાડો થઇ શકે છે અને સિંગ તેલનો ડબ્બો ત્રણ હજાર રૂપિયાની અંદર પહોંચી શકે છે

રાજકોટ, તા.૨૨

જન્માષ્ટમીના પર્વ પહેલા સિંગતેલને લઈને રાહતના સમાચાર આવ્યા છે. સિંગતેલના ભાવમાં ૫૦થી ૬૦ રૂપિયાનો ઘટાડો થયો છે. સિંગતેલના ભાવ ૧૫ કિલોના ૩૦૦૦થી ૩૨૦૦ રૂપિયા જ્યારે ૧૫ લીટરના ૩૦૬૦થી ૩૧૦૦ રૂપિયા સુધી પહોંચ્યા છે.

સૌરાષ્ટ્રમાં જન્માષ્ટમીના તહેવારમાં લોકો મોટા પ્રમાણમાં ખાદ્યતેલનો ઉપયોગ કરતા હોય છે. ત્યારે તહેવાર પહેલા જ સિંગતેલના ભાવમાં ઘટાડો થતા લોકોને રાહત મળી છે. વેપારીઓનું માનવું છે કે જન્માષ્ટમી પર હજુ ભાવમાં ઘટાડો થઈ શકે છે અને સિંગતેલનો ડબ્બો ત્રણ હજાર રૂપિયાની અંદર પહોંચી શકે છે.

રાજકોટ સિંગતેલના વેપારી ભાવેશ પોપટના કહેવા પ્રમાણે સિંગતેલમાં હાલમાં ઓછી ડિમાન્ડ છે. આ ઉપરાંત વરસાદી વાતાવરણથી ઉઘાડ નીકળતા માર્કેટીંગ યાર્ડમાં નવી મગફળીની આવક થઈ છે. જ્યારે સંગ્રહકર્તાઓ દ્વારા પણ મગફળી વેચાણ માટે બજારમાં આવતા સિંગતેલના ભાવમાં ઘટાડો થયો છે. વેપારીઓનું માનવું છે કે હાલમાં ઘરાકી ન હોવાને કારણે સિંગતેલના ભાવમાં હજુ પણ ઘટાડો થઈ શકે છે. સિંગતેલની સાથે અન્ય ખાદ્યતેલોના ભાવ પણ ઓછા છે. હાલમાં પામોલિન તેલ, સોયાબિન તેલ, કપાસિયા તેલ ૧૪૦૦થી લઈને ૧૬૦૦ રૂપિયે ડબ્બો મળી રહ્યો છે.આ તરફ સિંગદાણાના વેપારીઓ પણ માની રહ્યા છે કે આ વર્ષે સૌરાષ્ટ્રમાં મગફળીનું ૨૬થી ૨૭ લાખ મેટ્રિક ટન ઉત્પાદન થઈ શકે છે. તાજેતરમાં રાજકોટમાં ભારતભરના સિંગદાણાના વેપારીઓ અને બ્રોકરોની એક કોન્ફરન્સ મળી હતી. જેમાં આ અંદાજ લગાડવામાં આવ્યો છે. સૌરાષ્ટ્રના સિંગદાણાની વિશ્વભરમાં ડિમાન્ડ હોય છે. જો કે, સારા અને સમયસર વરસાદને કારણે મગફળીનું ઉત્પાદન મોટા પ્રમાણમાં થઈ શકે છે. તેથી આગામી દિવસોમાં સિંગતેલના ભાવ ૨૦૦થી ૩૦૦ રૂપિયા ઘટી શકે છે. સિંગતેલના ભાવ ફરી ૨૫૦૦થી ૨૭૦૦ની સપાટીએ આવી શકે છે.

### રશિયાનું યાન ચંદ્ર પર ઊતરવામાં નિષ્ફળ

# ચાર વર્ષમાં ચાર દેશને ચંદ્ર પર ઊતરવામાં નિષ્ફળતા મળી

### એક માત્ર ભારત જ છે જેણે ચંદ્રયાન-૨ની નિષ્ફળતા બાદ ચંદ્ર પર પાછા ફરવાની હિંમત એકઠી કરી છે

નવી દિલ્હી, તા.૨૨

વિશ્વની નજર રશિયાના લુના-૨૫ અને ભારતના ચંદ્રયાન-૩ વચ્ચેની રેસ પર હતી. દરમિયાન સમાચાર આવ્યા કે લુના-૨૫ ચંદ્ર પર ઉતરવામાં નિષ્ફળ ગયું છે. જો કે છેલ્લા ચાર વર્ષના રેકોર્ડ પર નજર કરીએ તો લગભગ ચાર દેશો એવા છે જેમને ચંદ્ર પર ઉતરવામાં નિષ્ફળતાનો સામનો કરવો પડ્યો છે. ખાસ વાત એ છે કે તેમાંથી એક માત્ર ભારત જ છે જેણે ચંદ્રયાન-૨ની નિષ્ફળતા બાદ ચંદ્ર પર પાછા ફરવાની હિંમત એકઠી કરી છે.

ભારત (ચંદ્રયાન-૨), ઈઝરાયેલ (બેરેશીટ), જાપાન (હાકુટો-આર) અને રશિયા (લુના-૨૫) એ ચાર દેશોમાં સામેલ છે જ્યાં ખાનગી અવકાશ એજન્સીઓ અથવા સરકારોએ ચંદ્ર સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો છે. તે બધાને મિશનમાં નિષ્ફળતાનો સામનો કરવો પડ્યો. રસપ્રદ વાત એ છે કે દરેક વખતે લેન્ડિંગની અંતિમ પ્રક્રિયા દરમિયાન વાહનો ફેલ થયા અને ચંદ્રની સપાટી પર ક્રેશ થયા હતા.વર્ષ ૨૦૧૯માં, ભારતીય અવકાશ સંશોધન સંસ્થા એટલે કે ઈસરોના તત્કાલીન અધ્યક્ષ કે સિવને લેન્ડિંગ પ્રક્રિયાને '૧૫ મિનિટનો આતંક' ગણાવી હતી. હવે ખાસ વાત એ છે કે ચંદ્ર પર ઉતરવાની કોશિશ કરનારા દેશોમાં ભારત એકમાત્ર એવો દેશ છે, જે બીજીવાર પ્રયાસ કરી રહ્યો છે. વર્ષ ૨૦૧૯માં આવેલી મુશ્કેલીમાંથી બોધપાઠ લઈને ચંદ્રયાન-૩માં સુરક્ષાના અનેક પગલાં લેવામાં આવ્યા છે.

ચંદ્ર પર ઉતરવાના સૌથી સફળ પ્રયાસો ૧૯૬૬ અને ૧૯૭૬ના દાયકામાં થયા હોવાનું કહેવાય છે. જો કે, આ સિવાય ચીન તાજેતરના સમયમાં આ મામલે ખૂબ જ સફળ રહ્યું છે. એક મીડિયા રિપોર્ટ અનુસાર, ૨૦૧૩માં ડ્રેગન સ્પેસક્રાફ્ટ ચાંગઈ-૩ને પ્રથમ વખત ચંદ્ર પર સફળતાપૂર્વક લેન્ડ કર્યું હતું. તે જ સમયે, વર્ષ ૨૦૧૯માં, ચાંગ-ઈ ૪ ચંદ્ર પર ઉતરાણ કરવામાં પણ સફળ રહ્યું હતું.

ચંદ્રયાન-૩ને ૧૪ જુલાઈએ આંધ્ર પ્રદેશના શ્રીહરિકોટાથી ચંદ્ર પર મોકલવામાં આવ્યું હતું. હવે એવી શક્યતાઓ છે કે વિવિધ તબક્કાની સફળતા બાદ ચંદ્રયાન-૩, ૨૩ ઓગસ્ટે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સોફ્ટ લેન્ડિંગ કરી શકે છે.

### દેશમાં ચોમાસાના સંદર્ભે હવામાન ખાતાની આગાહી

# ઉ. ભારતના અનેક ભાગમાં સપ્તાહના અંતથી ચોમાસું વિરામ લેશે

### પહાડી વિસ્તારોમાં વરસાદ ચાલુ રહેશે, બે-ત્રણ દિવસમાં ચોમાસું તેની સામાન્ય સ્થિતિથી ઉત્તર તરફ આગળ વધશે

નવી દિલ્હી, તા.૨૨

ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં છેલ્લા ઘણા દિવસોથી ભારે વરસાદને કારણે જનજીવન ખોરવાઈ ગયું છે. હવામાન વિભાગનું કહેવું છે કે આ સપ્તાહના અંતથી ઉત્તર ભારતના ઘણા ભાગોમાં ચોમાસામાં વિરામ આવી શકે છે. બીજી તરફ પહાડી વિસ્તારોમાં વરસાદ ચાલુ રહેશે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી બે-ત્રણ દિવસમાં ચોમાસું તેની સામાન્ય સ્થિતિથી ઉત્તર તરફ આગળ વધશે તેમજ આ અલ-નીનો અસર પણ હોઈ શકે છે.

જેના કારણે ઉત્તર ભારતના મોટા ભાગોમાં દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાઈ શકે છે. આ ઉપરાંત હવામાન વિભાગે પહાડી વિસ્તારોમાં રેડ અને ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. હવામાન ખાનગી એજન્સી અનુસાર આગામી ૨૪ કલાકમાં હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, બિહાર અને ઉત્તર પ્રદેશના ભાગોમાં ભારે વરસાદ પડી શકે છે. મધ્યપ્રદેશના કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ પડી શકે છે.

આ ઉપરાંત પૂર્વોત્તર અને ઓડિશામાં મધ્યમ વરસાદની અપેક્ષા છે. આ સિવાય દક્ષિણ ભારતમાં હળવો વરસાદ પડી શકે છે.હાલમાં રાજધાની દિલ્હી સહિત દેશના મોટા ભાગોમાં લોકો ભેજ અને ગરમીથી પરેશાન છે. જો કે હજુ સુધી રાહત મળી નથી.

આ વખતે અલ-નીનો ચિંતાનું કારણ છે જેના કારણે દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાઈ શકે છે. એલ. -નીનો અને અલ-નીના એ પ્રશાંત મહાસાગરના ગરમ અને ઠંડા પાણી દ્વારા રચાયેલી સિસ્ટમ છે.

### રાજ્યમાં તાત્કાલિક જાતિ આધારીત વસ્તી ગણતરી કરાવો

# સત્યાગ્રહ છાવણીમાં કોંગ્રેસના 'OBC' સ્વાભિમાન ધરણા

### OBC સમાજને વસ્તી આધારિત બજેટની ફાળવણી, જ્ઞાતિ આધારિત વસ્તી ગણતરી સહિતની માગ સાથે આંદોલનના મંડાણ કર્યા છે

ગાંધીનગર, તા.૨૨

લોકસભા ચૂંટણી પહેલા રાજ્યમા OBC અનામતની માંગ સાથે આંદોલનનું મંડાણ થતું જોવા મળ્યું. કોંગ્રેસના નેજા હેઠળ OBC જન અધિકાર સમિતિ દ્વારા સ્વાભિમાન ધરણામાં મોટા પ્રમાણમાં લોકો જોડાયા. OBC સમાજને વસ્તી આધારિત બજેટની ફાળવણી, જ્ઞાતિ આધારિત વસ્તી ગણતરી સહિતની માગ સાથે આંદોલનના મંડાણ કર્યા છે.

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં OBC અનામતનું નિકંદન અને રાજયના બજેટમા OBC સમાજને અન્યાયની લાગણી સાથે શરૂ થયેલ 'ઓબીસી અનામત બચાવો' આંદોલન ગાંધીનગરમાં ધરણા સુધી પહોંચ્યું છે.

સ્વાભિમાન ધરણામાં સમગ્ર રાજ્યમાંથી લોકો જોડાયા હતા. પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલ, જગદીશ ઠાકોર, અમિત ચાવડા, અર્જુન મોઢવાડીયા સહિતના ઓબીસી નેતાઓ જોડાયા હતા..

ઓબીસી અનામત બચાવોની માંગણી સાથે આંદોલન ઉભું કરનાર અમિત ચાવડાએ ગઈકાલે ભાજપના OBC નેતાઓ અલ્પેશ ઠાકોર, શંકર ચૌધરી, કુંવરજી બાવળિયા, પરસોતમ સોલંકી, કેન્દ્રીય મંત્રી દેવુસિંહ ચૌહાણ અને ડૉ મહેન્દ્ર મુંજપુરા ને OBC સમાજના અધિકાર માટેના સ્વાભિમાન ધરણામાં હાજર રહેવા આમંત્રણ આપ્યું હતું.

જો કે ભાજપ સાથે સંકળાયેલ OBC નેતાઓએ તેનાથી કિનારો કર્યો છે.વિધાનસભા ચૂંટણીની જેમ કોંગ્રેસે લોકસભા ચૂંટણીમાં પણ OBC સમાજને સાથે લેવાનો પ્રયાસ કર્યો છે.

ગુજરાતમાં જાતિગત વસ્તીની વાત કરીએ તો OBC ૫૨ ટકા, ક્ષત્રિય અને સવર્ણ-૧૪ ટકા, પાટીદાર-૧૬ ટકા, દલિત-૭ ટકા, આદિવાસી-૧૧ ટકા, મુસ્લિમો ૯ ટકા છે. ભલે સરકાર વિકાસની વાતો કરે પરંતુ ચૂંટણી હંમેશા જ્ઞાતિ આધારિત સમીકરણને ધ્યાનમાં રાખીને જ લડાતી હોય છે.

કોંગ્રેસ હંમેશા 'ખ્ઝ, દલિત પાટીદાર, લઘુમતી સમુદાય પર દાવ રમે છે. કોંગ્રેસના પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીએ પણ KHAM થિયરી સાથે ૧૯૮૫માં ૧૪૯ બેઠકો જીતવાનો રેકોર્ડ હતો. જે આ વિધાનસભા ચૂંટણીમાં ભાજપ ૧૫૬ બેઠકો જીતીને તોડી બતાવ્યો છે.

રાજ્યમાં હાલ ૫૨ ટકા મતદારો OBC સમાજમાંથી આવે છે. ગુજરાતમાં કોઈપણ પાર્ટીને સત્તાને સિંહાસન પર બેસાડવમાં OBC સમાજ કિંગમેકર રહ્યો છે ત્યારે જોવુ રહેશે કે કોંગ્રેસે લોકસભા પહેલા ખેલેલુ OBC કાર્ડ કેટલુ ફળે છે.

### રાજીવ ગાંધીની જન્મ જયંતી નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં ઉદ્‌બોધન

# નફરત ફેલાવનારાઓને સત્તાનું સમર્થન મળે છે : સોનિયા

### રાજીવજીએ પંચાયતો અને નગર પાલિકાઓમાં મહિલાઓ માટે એક તૃતિયાંશ આરક્ષણ માટે સંઘર્ષ કર્યો હતો

નવી દિલ્હી, તા.૨૨

પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની જન્મ જયંતી નિમિત્તે યોજાયેલા 'સદ્ભાવના- પુરસ્કાર કાર્યક્રમ'માં બોલતાં કોંગ્રેસનાં નેતા સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, 'દેશ સેવા માટે મળેલા બહુ ઓછા સમયમાં રાજીવ ગાંધીએ અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી.

ભારતમાં રહેલી અનેકવિધતાની સુરક્ષા અને સંરક્ષણના તેઓ સમર્થક હતા.' કોંગ્રેસ પૂર્વ પ્રમુખે વધુમાં કહ્યું હતું કે, 'રાજીવ તે અંગે ઘણાં જ સંવેદનશીલ હતા કે વિવિધ ધર્મોના ધાર્મિક પ્રસંગો, વિવિધ જાતિઓ, ભાષાઓ અને સંસ્કૃતિઓના ઉત્સવો ઉજવીને જ આપણે ભારતની એકતાને વધુ મજબૂત કરી શકીશું.'

સોનિયા ગાંધીએ વધુમાં કહ્યું હતું કે, 'આ પુરસ્કાર તે લોકોને અને તે સંસ્થાઓને આપવો જોઈએ કે જેઓએ શાંતિ, સાંપ્રદાયિક સદ્ભાવ અને રાષ્ટ્રીય એકતાને આગળ વધારવામાં વિશેષ યોગદાન કર્યું હોય.'

સોનિયા ગાંધીએ વધુમાં કહ્યું હતું કે, 'તેઓનું આ મંતવ્ય એવા સમયમાં વધુ મહત્ત્વપૂર્ણ બને છે કે જ્યારે અલગતાવાદ, નફરત, કટ્ટરતા અને પક્ષપાતને પુષ્ટિ આપનારી શક્તિઓ વધુ સક્રિય બની છે તેમને સત્તાનું સમર્થન પણ મળે છે.'

આ સમયે કોંગ્રેસ પૂર્વ પ્રમુખે વીતી ગયેલા વર્ષોને યાદ કરતા કહ્યું હતું કે, રાજીવ ગાંધીનું જીવન બેહદ કરુણા સાથે ખતમ કરાયું પરંતુ જેટલો સમય મળ્યો તેમાં તેઓએ અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી' આટલું કહેતા તેઓ થોડા ભાવુક બન્યા.

આ કાર્યક્રમમાં સોનિયા ગાંધીએ કહ્યું કે, તેઓ મહિલાઓના સશક્તીકરણ માટે પ્રતિબદ્ધ હતા. રાજીવજીએ પંચાયતો અને નગર પાલિકાઓમાં મહિલાઓ માટે એક તૃતિયાંશ આરક્ષણ માટે સંઘર્ષ કર્યો હતો. ૧૯૮૯ની સંસદીય ચૂંટણી પહેલાં જ પહેલી જ વખત ૧૮ વર્ષના યુવાનોને મતાધિકાર આપ્યો જેમાં મહિલાઓ હતી.

### વર્ષના અંતમાં મધ્યપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી

# કોંગ્રેસની સરકાર બનતા જ મ.પ્ર.માં જાતિ આધારિત વસ્તી ગણતરી કરાશે

### મલ્લિકાર્જુન ખડગે મધ્યપ્રદેશના સાગરમાં જાહેર સભાને સંબોધન કર્યું અને મતદારોને રિઝવવા અનેક ચૂંટણીલક્ષી વચનો પણ આપ્યા

સાગર, તા.૨૨

મધ્યપ્રદેશમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ જાહેરાત કરી હતી કે પ્રદેશમાં કોંગ્રેસની સરકાર બન્યા બાદ જાતિ આધારિત વસ્તી ગણતરી કરવામાં આવશે. આ પહેલા બિહારમાં નીતિશની આગેવાની હેઠળની મહાગઠબંધન સરકાર જાતિ આધારિત વસ્તી ગણતરી કરી રહી છે.

આ વર્ષના અંતમાં મધ્યપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી છે. કોંગ્રેસે પૂરા જોરશોરથી ભાજપને સત્તામાંથી બહારનો રસ્તો બતાવવાનો પ્રયાસ શરૂ કર્યો છે. આ સાથે જ મલ્લિકાર્જુન ખડગે મધ્યપ્રદેશના સાગરમાં જાહેર સભાને સંબોધન કર્યું હતું.

આ દરમિયાન તેમની સાથે પૂર્વ સીએમ કમલનાથ પણ હાજર હતા. આ દરમિયાન ખડગેએ ઘણી મોટી જાહેરાતો કરી હતી. ખડગેએ કહ્યું કે મધ્યપ્રદેશમાં કોંગ્રેસની સરકાર બનતાની સાથે જ સાગરમાં સંત રવિદાસ જીના નામ પર યુનિવર્સિટી ખોલવામાં આવશે આ ઉપરાંત તેમણે કહ્યું કે રાજ્યમાં કોંગ્રેસની સરકાર આવતાની સાથે જ જાતિ આધારિત વસ્તી ગણતરી કરવામાં આવશે.

ખડગેએ સાગરમાં રવિદાસનું મંદિર બનાવવાના મુદ્દે સીએમ શિવરાજ સિંહ ચૌહાણ અને પીએમ મોદી પર નિશાન સાધતા કહ્યું કે ભાજપ હવે ચૂંટણી સમયે સંત રવિદાસને યાદ કરે છે. એક વ્યક્તિ ૧૮ વર્ષથી એમપીમાં શાસન કરે છે, મોદીએ ગુજરાતમાં ૧૩ વર્ષ શાસન કર્યું. દિલ્હીના શાસનને ૧૦ વર્ષ થવા આવી રહ્યા છે. તો ૨૪ વર્ષ વીતી ગયા. કોંગ્રેસને કહેવામાં આવે છે કે જ્યારે મોદીજીએ તેના અડધા વર્ષ સુધી શાસન કર્યું છે. જુઓ ગુજરાતમાં, સૌથી પછાત રાજ્ય ગુજરાત છે.

મલ્લિકાર્જુન ખડગેએ વધુમાં કહ્યું હતું કે આઝાદી માટે લડનારા લોકો કોણ હતા? તે સમયે મોદીજી કે શાહનો જન્મ થયો હતો? તેઓ મોટી મોટી વાતો કરે છે કે આઝાદી અમે અપાવી, બંધારણ અમે બનાવ્યું તો પણ હજુ પણ અમને પૂછે છે કે અમે શું કર્યું? તમે ડર બતાવીને તમારી સરકારો બનાવી.

જેમ મધ્યપ્રદેશમાં સરકાર બની, તેવી જ રીતે કર્ણાટકમાં પણ સરકાર બની. ૧૬ ધારાસભ્યોને પૈસા આપીને રાખ્યા, મંત્રી બનવાની લાલચ આપીને સરકાર બનાવી. મણિપુરમાં પણ આવી જ સરકાર બનાવી હતી.

જાતિ આધારિત વસ્તી ગણતરી શું છે ભારતમાં દર ૧૦ વર્ષે વસ્તી ગણતરી કરવામાં આવે છે. આ સરકારને વિકાસ યોજનાઓ તૈયાર કરવામાં મદદ કરે છે. બીજી બાજુ, જાતિ આધારિત વસ્તી ગણતરી જાતિના આધારે લોકોની વસ્તી ગણતરીનો સંદર્ભ આપે છે. આને જાતિની વસ્તી ગણતરી કહેવાય છે.

# શિવના બાર જયોતિલિંગની કથા અને મહત્વ

૧૨ જયોતિલિંગનો મહત્વ અને મહિમા.. ભગવાન શિવની ભકિતનો મહિનો ચાલુ છે. શિવમહાપુરાણ અનુસાર, એકમાત્ર ભગવાન શિવ એકમાત્ર દેવતા છે. જે નિરર્થક અને સફળ બને છે. આ જ કારણ છે કે એકમાત્ર શિવની પુજા લિંગ અને મુર્તિ બંને સ્વરૂપોમાં કરવામાં આવે છે. ભારતમાં ૧૨ મોટા જયોતિલિંગ છે. આ બધાનું પોતાનું મહત્વ અને મહિમા છે. એવું પણ માનવમાં આવે છે.કે જો સાવન મહિનામાંા ભગવાન શિવનાં જયોતિલિંગો જોવામાં આવે તો જન્મ પછી જન્મની સમસ્યાઓ દુર થાય છે. આ જ કારણ છે કે સાવન મહિનામાં ભારતનાં ૧૨ જયોતિલિંગોની મુલાકાત માટે ભકતો ઉમટતા હોય છે. આજે અમે તમને આ ૧૨ જયોતિલિંગનું મહત્વ અને મહિમાં જાણીએ..



**૧. સોમનાથ :** સોમનાથ જયોતિલિંગને ફકત ભારત જ નહીં પરંતુ આ પૃથ્વીનો પ્રથમ જયોતિલિંગ માનવામાં આવે છે. આ મંદિર ગુજરાત રાજયનાં સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલું છે.આ મંદિર વિશે એવું માનવામાં આવે છે કે જયારે દક્ષા પ્રજાપતિ દ્વારા ચંદ્રને શ્રાપ આપવામાં આવ્યો હતો, ત્યારે ચંદ્રએ આ સ્થાન પર ધ્યાન કર્યુ હતું અને આ શ્રાપથી મુકિત મેળવી હતી. એવું પણ કહેવામાં આવે છે.કે આ શિવલિંગની સ્થાપનાં ખુદ ચંદ્રદેવે જ કરી હતી. વિદેશી આક્રમણને કારણે તે ૧૭ વખત નાશ પામ્યું છે. દરેક વખતે તે તુટે છે અને તેની રચના કરવાનું ચાલુ રાખે છે.

**૨. મલ્લિકાર્જુન :** આ જયોતિલિંગ આંધ્રપ્રદેશમાં કૃષ્ણ નદીનાં કિનારે શ્રીસૈલ નામનાં પર્વત પર સ્થિત છે. આ મંદિરનું મહત્વ ભગવાન શિવનાં કૈલાસ પર્વત જેવું જ કહેવાય છે.ઘણા ધાર્મિક ગ્રંથો તેના ધાર્મિક અને પૌરાણિક કથાને સમજાવે છે. એવું કહેવામાં આવે છે કે આ જયોતિલિંગને જોઈને જ વ્યકિતને તેના બધા પાપોથી મુકિત મળે છે. એક દંતકથા અનુસાર, જયાં આ જયોતિલિંગ સ્થિત છે, તે પર્વત પર શિવની પુજા કરવાથી વ્યકિતને અશ્વમેઘ યજ્ઞ જેવા પુણ્યફળ પ્રાપ્ત થાય છે.

**૩. મહાકાલેશ્વર જયોતિલિંગ :** આ જયોતિલિંગ મધ્ય પ્રદેશની ધાર્મિક રાજધાની તરીકે ઓળખાતા ઉજજૈન શહેરમાં સ્થિત છે મહાકાળેશ્વર જયોતિલિંગની વિશેષતા એ છે કે તે એકમાત્ર દક્ષિણમુખી જયોતિલિંગ છે. અહીં દરરોજ સવારે પુજા આખા વિશ્વમાં પ્રખ્યાત છે. વય વધારો અને વય સંબંધિત સંકટથી બચવા ખાસ કરીને મહાકાળેશ્વરની પુજા કરવામાં આવે છે. ઉજજૈનનાં રહેવાસીઓ માને છે કે ભગવાન મહાકાળેશ્વર તેમનાં રાજા છે અને તેઓ ઉજજૈનનું રક્ષણ કરી રહયા છે.

**૪. ઓમકારેશ્વર :** ઓમકારેશ્વર જયોતિલિંગ મધ્યપ્રદેશનાં પ્રખ્યાત શહેર ઈંદોર નજીક સ્થિત છે. આ જયોતિલિંગ જયાં આવેલું છે, તે સ્થળે નર્મદા નદી વહે છે અને ડુંગરની આજુબાજુ નદી વહીને અહીં ૪ નો આકાર રચાય છે.''શબ્દ'' બ્રહ્માના મુખમાંથી આવ્યો છે. તેથી કોઈપણ ધાર્મિક ગ્રંથ અથવા વેદનું પાઠ ૭ સાથે કરવામાં આવે છે. આ જયોતિલિંગને આકાર એટલે કે, આકાર આપવામાં આવ્યું છે.જેના કારણે તે ઓમકારેશ્વર તરીકે ઓળખાય છે.

**૫. કેદારનાથ :** કેદારનાથમાં જયોતિલિંગ ભગવાન શિવનાં ૧૨ મોટા જયોતિલિંગોમાં પણ આવે છે. તે ઉત્તરાખંડમાં આવેલું છે. બાબા કેદારનાથનું મંદિર બદ્રીનાથનાં માર્ગમાં આવેલું છે. કેદારનાથ સમુદ્ર સમાટીથી ૩૫૪ મીટરની ઉંચાઈ પર સ્થિત છે. કેદારનાથનું વર્ણન સ્કંદ પુરાણ અને શિવ પુરાણમાંા પણ જોવા મળે છે. આ મંદિર ભગવાન શિવને ખુબ જ પ્રિય છે. કૈલાસ મહત્વનું હોવાથી શિવએ કેદાર ક્ષેત્રને પણ મહત્વ આપ્યું છે.

**૬ ભીમાશંકર :** ભીમાશંકર જયોતિલિંગ મહારાષ્ટ્રનાં પુના જિલ્લામાં સહ્યાદ્રી નામનાં પર્વત પર સ્થિત છે. ભીમાશંકર જયોતિલિંગ મોટેશ્વર મહાદેવ તરીકે પણ ઓળખાય છે. આ મંદિર વિષે, એવું માનવામાં આવે છે કે જે ભકત જે આ મંદિરને દરરોજ સવારે સુર્ય ઉગતા પછી આદરપુર્વક જુએ છે. તેનાં સાત જન્મોનાં પાપો દુર થાય છે. અને તેમનાં માટે સ્વર્ગ તરફ જવાનાં માર્ગ ખુલી જાય છે.

**૭. કાશી વિશ્વનાથ :** વિશ્વનાથ જયોતિલિંગ ભારતના ૧૨ જયોતિલિંગોમાનું એક છે તે ઉત્તર પ્રદેશના કાશી નામનાં સ્થળે સ્થિત છે. કાશી તમામ ધાર્મિક સ્થળોમાં સૌથી વધુ મહત્વ ધરાવે છે. તેથી, તમામ ધાર્મિક સ્થળોએ કાશીનું ખુબ મહત્વ હોવાનું કહેવાય છે. આ સ્થાનની માન્યતા એ છે કે હોલોકોસ્ટ પછી પણ, આ સ્થાન રહેશે. તેની સુરક્ષા માટે, ભગવાન શિવ આ સ્થાન તેમનાં ત્રિશુળ પર રાખશે અને જયારે હોલોકોસ્ટ ટળી જાય ત્યારે કાશીને તેની જગ્યાએ પાછો મુકશે.

**૮ ત્ર્યંબકેશ્વર :** આ જયોતિલિંગ ગોદાવરી નદીની નજીક મહારાષ્ટ્ર રાજયનાં નાસિક જિલ્લામાં સ્થિત છે. આ જયોતિલિંગની નજીકમાં બ્રહ્મગિરિ નામનો પર્વત છે. ગોદાવરી નદી આ પર્વતથી શરૂ થાય છે. ભગવાન શિવનું એક નામ ત્ર્યંબકેશ્વર પણ છે. એવું કહેવામાં આવે છે કે ગૌતમ ઋષિ અને ગોદાવરી નદીનાં આગ્રહથી ભગવાન શિવને અહીં જયોતિલિંગ સ્વરૂપે રોકાવું પડયું હતું.

**૯. વૈધનાથ :** શ્રી વૈધનાથ શિવલિંગને તમામ જયોતિલિંગોની ગણતરીમાં નવમાં ક્રમ આપવામાં આવ્યો છે. ભગવાન શ્રી વૈધનાથ જયોતિલિંગનું મંદિર જયાં આવેલું છો. તેને વૈધનાથ ધામ કહે છે. આ સ્થાન ઝારખંડ રાજય (અગાઉનાં બિહાર) ના દેવઘર જિલ્લામાં ાઆવે છે.

**૧૦. નાગેશ્વર જયોતિર્લિંગ :** આ જયોતિલિંગ ગુજરાતની સીમમાં દ્વારકા સ્થાને છે. શાસ્ત્રોમાં, ભગવાન શિવ સર્પોના દેવ છે.અને નાગેશ્વરનો સંપુર્ણ અર્થ સર્પનો દેવ છે. ભગવાન શિવનું બીજું નામ પણ નાગેશ્વર છે. નાગેશ્વર પણ દ્વારકા પુરીથી ૧૪ માઈલ દુર છે. આ જયોતિલિંગનાં મહિમામાં કહેવામાં આવ્યું છે કે જે વ્યકિત અહી પુર્ણ ભકિત અને શ્રદ્ધાથી મુલાકાત લે છે તેની બધી ઈચ્છાઓ પુર્ણ થાય છે.

**૧૧. રામેશ્વરમ જયોતિર્લિંગ :** આ જયોતિર્લિંગ તમિલનાડુ રાજયનાં રામાનાથપુરમ નામનાં સ્થળે સ્થિત છે. ભગવાન શિવનાં ૧૨ જયોતિલિંગોમાંનાં એક ઉપરાંત, આ સ્થાન હિન્દુઓનાં ચાર ધામોમાનું એક પણ છે. આ જયોતિર્લિંગ વિશે એવી માન્યતા છે કે તેની સ્થાપના ભગવાન શ્રી રામ પોતે જ કરી હતી. ભગવાન રામ દ્વારા સ્થાપિત થવાને કારણે, આ જયોતિલિંગને ભગવાન રામ, રામેશ્વરમ નામ આપવામાં આવ્યું છે.

**૧૨. ધૃર્ણેશ્વર મંદિર :** ધૃર્ણેશ્વર મહાદેવનું પ્રખ્યાત મંદિર મહારાષ્ટ્રનાં ઓરંગાબાદ શહેર નજીક દૌલતાબાદ નજીક આવેલુ છે. તે ધૃણેશ્વર અથવા ધુશ્મેશ્વર તરીકે પણ ઓળખાય છે.દુર–દુરથી લોકો અહી દર્શન કરવા અને આધ્યાત્મિક શાંતિ મેળવવા આવે છે. ભગવાન શિવનાં ૧૨ જયોતિલિંગગોમાં આ છેલ્લું છે. બૌદ્ર સાધુઓ દ્વારા બનાવવામાં આવેલી પ્રખ્યાત એલોરા ગુફાઓ આ મંદિરની નજીક સ્થિત છે. તે શ્રી એકનાથજી ગુરૂ અને શ્રી જનાર્દન મહારાજની સમાધિ પણ છે.

**મિતલ ખેતાણી**
**(મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# સા.કુંડલાની કન્યાશાળા ખાતે બાળમેળો યોજાયો



સાવરકુંડલા, તા. ૨૨

શ્રી બ્રાન્ચ શાળા નંબર બે કન્યા શાળા મણીભાઈ ચોક સાવરકુંડલા ખાતે બાળમેળો અને જીવન કૌશલ્ય મેળો સરકારનાં પરિપત્ર મુજબ ઉજવવામાં આવેલ. જેમાં બાળમેળાની અંદર રંગકામ માટી કામ કાગળની હોડી અને કાગળનાં રમકડા બનાવવા, ગણિત પજલસ, એક પાત્રીય અભિનય, બાળ વાર્તા, બાળ નાટકો વગેરેનું સુંદર આયોજન કરવામાં આવેલ તેમજ ૧૮ તારીખે જીવન કૌશલ્ય મેળામાં પણ દરેક ધોરણની દરેક દીકરીઓએ ખુબ સરસ રીતે દરેક અપાયેલ ક્ષેત્રોમાં ભાગ લીધેલ. બધાં પોતપોતાના સ્ટોલ મૂકેલાં જેમાં લીંબુ શરબત સ્ટોલ, રાખડી સ્ટોલ, કટલેરી સ્ટોલ, સ્ટેશનરી સ્ટોલ, ભેળ, બટાકા ભૂંગળા, દાબેલી, પાણીપુરી, તેમજ મહેંદી અને બ્રાઈડલ તૈયાર કરવા વગેરે તમામ પ્રકારનું આયોજન કરવામાં આવેલ.

જેમાં દરેક દીકરીઓએ ખૂબ ઉત્સાહભેર ભાગ લીધેલ અને પોતાની રીતે જ પોતે તેમાં પૈસા કમાયા, તે આખા દિવસના અંતે હિસાબ રજૂ કરેલ અને અહેવાલ આપેલ અને એકંદરે વાલી તેમજ એસએમસી, આચાર્ય, તેમજ શિક્ષક સ્ટાફગણ, બીએડ તાલીમાર્થી રિધ્ધિબેન, દરેકે સરાહનીય આ જીવન કૌશલ્ય અને બાળમેળાનાં આયોજનનું નિરીક્ષણ કરેલ, અને આવી રીતે જે ઉજવણી થઈ તે બદલ દરેક દીકરીઓને પ્રોત્સાહિત ઈનામ આપી ધન્યવાદ કરેલ.

# સાવરકુંડલામાં શિવ મંદિરોમાં ભકતોની ભીડ



સાવરકુંડલા, તા. ૨૨

પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થઈ ગઈ છે ત્યારે શ્રાવણ માસનાં પહેલા સોમવારે સાવરકુંડલાનાં શિવ મંદિરોમાં દર્શનાર્થે ભકતોની મોટી ભીડ જોવા મળી હતી.

શ્રાવણ માસનો પ્રથમ સોમવાર હોય દરેક શિવમંદિરમાં પણ ભગવાન ભોળાનાથને અવનવા શણગારથી સજાવવામાં આવ્યાં હતાં. અહીં મણીબાઈ ચોકમાં આવેલા હાટકેશ્વર મહાદેવ મંદિર અને નાવલી બજારમાં આવેલા સુપ્રસિદ્ધ રિદ્ધિ સિદ્ધિનાથ મહાદેવ મંદિરે આજે ભોળાનાથને શણગારવામાં આવ્યાં હતા અને દર્શનાર્થે ખુલ્લા મુકવામાં આવતા શહેરમાંથી મોટી સંખ્યામાં દર્શનાર્થી ભાઈ, બહેનોએ ભગવાન ભોળ ાનાથનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

## સદ્‌ગુરૂ તપસ્યા કુટિર અને હિમાલયની સાથે

# સા.કુંડલા ખાતે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે બાર જયોતિલિંગનાં દર્શન યોજાયા

## સ્વામી નિર્દોષાનંદજી આશ્રમ દ્વારા આયોજન

સાવરકુંડલા, તા. ૨૨

સાવરકુંડલા શહેરનાં મહુવા રોડ ખાતે આવેલ સદ્‌ગુરૂ સ્વામી શ્રી નિર્દોષાનંદ સરસ્વતીજી સત્સંગ આશ્રમ ખાતે આનંદેશ્વર મહાદેવનાં સાનિધ્યમાં આશ્રમ સત્સંગ મંડળ દ્વારા સદ્‌ગુરૂ સ્વામી શ્રી ભોળાનંદ સરસ્વતીજી મહારાજનાં આર્શીવાદથી મોટો મંડપ નાખી તેમાં દર્શનીય અને મહાકાય વિશાળ હિમાલય પર્વતનાં દર્શન તેમજ સમગ્ર ભારત દેશમાં આવેલ ભગવાન ભોળાનાથનાં બાર જયોર્તિલીંગ દર્શન અને પરમ પૂજય સદ્‌ગુરૂ સ્વામી શ્રી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજ દ્વારા કરવામાં આવેલ તપશ્ચર્યાનું આબેહૂબ સૂકા ઘાસની કુટિર બનાવવામાં આવી છે. જેના દર્શન માટે સમગ્ર દેશમાંથી આશ્રમ સેવકો અને સાવરકુંડલા તાલુકાનાં ધર્મપ્રેમી ભાઈઓ–બહેનો શ્રાવણ માસ નિમિતે ઉમટી રહ્યાં છે અને દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે. દર વર્ષ શ્રાવણ માસ નિમિતે સાવરકુંડલા સંન્યાસ આશ્રમ ખાતે સત્સંગ મંડળ દ્વારા પૂજય ગુરૂદેવના આર્શીવાદથી અલગ અલગ દર્શનીય ફલોટ, મુર્તિઓ વગેરે બનાવવામાં આવી રહ્યું છે. જેનાં દર્શન કરી લોકો ધન્યતા અનુભવી રહ્યાં છે. હાલ પરમ પૂજય સદ્‌ગુરૂ સ્વામી શ્રી ભોળાનંદ સરસ્વતીજી મહારાજ સાવરકુંડલા સંન્યાસ આશ્રમ ખાતે ચાતુર્માસ કરી રહ્યા છે. ત્યારે સેવક સમુદાય અને લોકોને તેમનાં પણ દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યાં છે તેમજ શ્રાવણ માસનાં દર સોમવારે અલગ અલગ ભગવાન મહાદેવનો શણગાર કરવામાં આવી રહ્યો છે. તેમ આશ્રમ સેવક યુગગીરી ગોસ્વામીની યાદી જણાવેલ.



## છેવાડાનાં માનવી સુધી પહોંચી રહ્યો છે યોજનાઓનો લાભ

# અમરેલી જિલ્લામાં ૬૨,૩૪૧ લાભાર્થીઓને PMJY યોજના અન્વયે રૂા.૧૬૦.૭૧ કરોડનું ચૂકવણું

## કસ્તુરબા પોષણ સહાય યોજના અંતર્ગત ૪,૫૧૮ લાભાર્થીઓને રૂા.૯૦,૩૨,૦૦૦ની સહાય

અમરેલી તા. ૨૨

સ્વસ્થ નાગરિક અને સ્વસ્થ સમાજ એ કોઈ પણ રાષ્ટ્રની સૌથી મોટી મૂડી હોય છે. કેન્દ્ર અને રાજય સરકારની આરોગ્યલક્ષી અસરકાર કામગીરી અને સ્વાસ્થ્યને લગતી કલ્યાણકારી યોજનાઓ છેવાડાનાં માનવી સુધી પહોંચાડવા માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ કાર્યરત છે.

રાજય સરકારે પણ બજેટના પંચ સ્થંભ અંતર્ગત બીજા સ્થંભ હેઠળ માનવ સંશાધન વિકાસની નેમ હેઠળ આરોગ્યલક્ષી સેવાઓ અને યોજનાઓ દ્વારા નિરામય ગુજરાત તંદુરસ્ત ગુજરાત બનાવવા માટે આર્થિક જોગવાઈઓ કરી છે. આ કડીના ભાગરૂપે અમરેલી જિલ્લામાં આરોગ્ય શાખા દ્વારા આરોગ્ય સેવાઓ અને યોજનાઓનો છેવાડાનાં માનવી સુધી લાભ પહોંચે તેવા હેતુથી કાર્ય કરવામાં આવી રહ્યું છે. અમરેલી જિલ્લામાં આરોગ્ય વિભાગની કેટલીક મુખ્ય યોજનાઓ પૈકી મુખ્યમંત્રી અમૃતમ અને મા વાત્સલ્ય યોજનાનું પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (પીએમજેએવાય) માં રૂપાંતર થયા બાદ જિલ્લાનાં ૨,૩૩,૯૧૮ કુટુંબોના ૬,૩૨,૨૧૦ વ્યકિતઓનાં એનરોલમેન્ટ કરવામાં આવ્યાં છે, તેમાથી ૬૨,૩૪૧ લાભાર્થીઓને આ યોજનાનો લાભ મેળવ્યો છે.

આ યોજના અન્વયે અત્યાર સુધીમાં કુલ રૂા.૧૬૦.૭૧ કરોડનું ચૂકવણું કરવામા આવ્યું છે. રાષ્ટ્રીય આરોગ્ય મિશન હેઠળ અમરેલી જિલ્લામાં વર્ષ– ૨૦૨૨–૨૩માં રૂા.૩૪.૬૧ કરોડનો ખર્ચ આરોગ્યલક્ષી યોજનાઓ અન્વયે કરવામા આવ્યો છે.

જયારે પ્રધાનમંત્રી માતૃવંદના યોજના અન્વયે વર્ષ ૨૦૨૨–૨૩માં અમરેલી જિલ્લામાં ૧૮,૧૮૦ લાભાર્થીઓને કુલ રૂા. ૨,૮૦,૧૧,૦૦૦ (બે કરોડ એંસી લાખ અગિયાર હજાર)નું ચૂકવણું કરવામાં આવ્યું છે.

અમરેલી જિલ્લામાં જનની સુરક્ષા યોજના અંતર્ગત ૪,૦૦૭ મહિલાઓને રૂા. ૨૭,૧૫,૧૦૦ની સહાય ચૂકવવામાં આવી છે. જયારે કસ્તુરબા પોષણ સહાય યોજના અંતર્ગત ૪,૫૧૮ લાભાર્થીઓને રૂા. ૯૦,૩૨,૦૦૦ની સહાય ચૂકવવામાં આવી છે. વિદ્યાર્થીઓને આવતીકાલનાં નાગરિકો માનવામાં આવે છે. સ્વસ્થ સમાજ અને નિરામય રાષ્ટ્રનાં નિર્માણ માટે વિદ્યાર્થીઓનાં આરોગ્યની કાળજીએ પાયાની કામગીરી છે. ત્યારે ' શાળા આરોગ્ય તપાસણી' કાર્યક્રમ અંતર્ગત વર્ષ ૨૦૨૨–૨૩માં અમરેલી જિલ્લામાં કુલ ૩,૩૬,૨૨૧ બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. તેમાંથી ૪૭,૭૨૦ બાળકોને સ્થળ ઉપર જ સારવાર આપવામાં આવી છે. ૧,૨૩૧ બાળકોને સંદર્ભ સેવા પૂરી પાડવામા આવી છે. વર્ષ ૨૦૨૨–૨૩ દરમિયાન અમરેલી જિલ્લાનાં ૧૦ નવા સબ સેન્ટરના મકાનનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૨–૨૩ દરમિયાન સરકારની વિવિધ ગ્રાંટમાંથી ૦૮ એમ્બ્યુલન્સની ફાળવણી જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને કરવામાં આવી છે. ચાલુ વર્ષ દરમિયાન અમરેલી જિલ્લા આરોગ્ય શાખાના ૫૬ અધિકારી અને કર્મચારીઓને શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ જિલ્લા કક્ષાએ વર્ષ ૨૦૨૨–૨૩ મોમેન્ટો આપી સન્માનિત કરવામા આવ્યા છે. આમ, રાજય સરકારની પ્રજાલક્ષી કામગીરી અને યોજનાઓ દ્વારા છેવાડાનાં માનવી સુધી વિવિધ યોજનાઓનો લાભ પહોંચી રહ્યો છે.

# સા.કુંડલાની કે.કે. હાઈસ્કૂલનાં શિક્ષિકાની ગડુ ખાતે આચાર્ય તરીકે પસંદગી થતાં સન્માન



સાવરકુંડલા, તા. ૨૨

સાવરકુંડલા શહેરમાં નૂતન કેળવણી મંડળ સંચાલિત કે. કે. હાઈસ્કૂલમાં ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં સેવા આપતા ભારતીબેન ચુડાસમાની તાજેતરમાં આચાર્યની ભરતીમાં પસંદગી થઈ હતી. જૂનાગઢ જિલ્લાનાં ગડુ મુકામે તેમનું સિલેકશન થયું હતું. કે. કે. હાઈસ્કૂલનાં પ્રાર્થનાખંડમાં તેમનો વિદાય કાર્યક્રમ અને સાથોસાથ સન્માનિત કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત ' જીવન અંજલી થાજો' એ પ્રાર્થનાથી કરવામાં આવી હતી. પ્રાર્થના રજૂ કરવામાં ધોરણ ૧૧ કોમર્સમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીની ગોસાઈ દિશાબેન અને સોરઠીયા પૂજાબેને ભાગ લીધો હતો. કાર્યક્રમમાં મહેમાનો પણ ઉપસ્થિત રહ્યાં હતાં. જેમાં નૂતન કેળવણી મંડળ ઉપપ્રમુખ મુકુંદભાઈ નાગ્રેચા તેમજ ટ્રસ્ટી જનકભાઈ ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યાં હતાં. તેમજ આંબરડી શાળાનાં ઈન્ચાર્જ રમેશભાઈ ચારૈયા હાજર રહ્યાં હતાં. ઉપસ્થિત મહેમાનોને પુષ્પગુચ્છ આપી સન્માનિત કરાયા હતાં. ભારતીબેન પ્રત્યેની લાગણીઓને વ્યકત કરવા વિદ્યાર્થીઓએ પ્રતિભાવો રજૂ કર્યા હતાં. જેમાં ધોરણ ૧૧ માં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા માંડલિયા સિદ્ધાર્થ તથા ધોરણ ૧૨/એ અભ્યાસ કરતા નિમાવત જતીન તેમજ ધોરણ ૧૨/ડી માં અભ્યાસ કરતા બારૈયા હિરલબેને ભાગ લીધો હતો. આ ઉપરાંત શાળાના શિક્ષક જાગૃતભાઈ દવેએ પ્રસંગને અનુરૂપ વિદાય ગીત રજૂ કર્યું હતું. તેમજ શાળાનાં શિક્ષક ચેતનભાઈ ગુજરીયાએ સન્માનપત્રનું વાંચન કર્યું હતું. કે. કે. હાઈસ્કૂલનાં સમગ્ર સ્ટાફ પરિવાર તરફથી ભેટ સ્વરૂપે ભારતીબેનને શાલ, મોમેન્ટો અને સન્માનપત્ર અર્પણ કરાયા હતા. કે. કે. હાઈસ્કૂલનાં શિક્ષિકા બહેનોએ શાલ ઓઢાડીને ભારતીબેનને સન્માનિત કર્યા હતાં. આચાર્ય અને સ્ટાફગણનાં હસ્તે મોમેન્ટો અર્પણ કરીને ભારતીબેનનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ નૂતન કેળવણી મંડળનાં ઉપપ્રમુખ મુકુંદભાઈ નાગ્રેચાનાં હસ્તે સન્માનપત્ર અર્પણ કરીને ભારતીબેનને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. ભારતીબેને પોતાનાં વકતવ્યમાં સમગ્ર સ્ટાફ પરિવારને યાદ કરીને તેમજ તેમની ખૂબીઓને યાદ કરી શાળાનાં સંસ્કરણોને યાદ કર્યા હતાં. શાળાનાં આચાર્ય ખડદિયાએ પોતાના વકતવ્યમાં ભારતીબેનની આદર્શ કાર્યશૈલીની પ્રશંસા કરી હતી. નૂતન કેળવણી મંડળ તરફથી જનકભાઈ ઉપાધ્યાય તેમજ મુકુંદભાઈ નાગ્રેચાએ વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક બોધ અને ભારતીબેન ચુડાસમાને શુભેચ્છાઓ પાઠવી હતી. પરિવારની ભાવનાથી સૌએ સાથે મળીને ભોજન લીધું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રફિકભાઈ ભોરણીયાએ કર્યુ હતું. આચાર્યનાં માર્ગદર્શન હેઠળ તેમજ જયંતીભાઈ પટેલ, કમલેશભાઈ ગોંડલીયા, આપાભાઈ માંજરીયા, તૃપ્તિબેન ભરાડ, વર્ષાબેન પટેલ તેમજ સમગ્ર સ્ટાફ પરિવારનાં પૂરતા સહયોગથી કાર્યક્રમ સફળ રીતે પૂર્ણ કરવામાં આવ્યો હતો.

# સાવરકુંડલામાં નવ નિયુક્ત આચાર્યનું સ્વાગત



સાવરકુંડલા, તા. ૨૨

શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી જે. વી. મોદી હાઈસ્કૂલમાં કાયમી નિમણુંક પામેલ આચાર્ય આશિષભાઈ એમ. જોષી (ભૂતપૂર્વ શિક્ષક ગર્લ્સ હાઈસ્કૂલ)નો સત્કાર સમારંભ સંસ્થાનાં ઉપપ્રમુખ મુકુંદકાકા નાગ્રેચા, મેનેજીંગ ટ્રસ્ટી જયંતીભાઈ વાટલીયા, ટ્રસ્ટીઓ કનુભાઈ ગેડિયા, વિનુભાઈ રાવળ , જનકભાઈ ઉપાધ્યાય અને સ્ટાફ પરિવાર વચ્ચે યોજાયેલ.

સંસ્થાનાં ઉપપ્રમુખ, મેનેજીંગ ટ્રસ્ટી, ટ્રસ્ટીઓ અને સ્ટાફ પરિવારે પુષ્પગુચ્છ આપી આવકાર આપેલ અને મીઠાઈ આપી મોં મીઠા કરાવ્યાં હતાં.

આ પ્રસંગે સનરાઈઝ સ્કૂલનાં આચાર્ય નીલાબેન મશરૂ અને શા.વી. દોશી ગર્લ્સ હાઈસ્કુલનાં સ્ટાફે પણ ઉપસ્થિત રહી પોતાની લાગણી વ્યકત કરેલ.

# અમરેલી ખાતે જુવેનાઈલ જસ્ટીસ બોર્ડની બેઠક યોજાઈ



અમરેલી, તા. ૨૨

અમરેલીનાં ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ જુવેનાઈલ જસ્ટીસ બોર્ડનાં પેન્ડીંગ કેસો તથા નિકાલ કેસો અંગે સમિક્ષા બેઠક રાખવામાં આવેલ હતી.

તેમજ આ સમીક્ષા બેઠક સાથે જિલ્લામાં બાળકો સાથે સંકળાયેલા વિભાગોની સંકલન બેઠક પણ યોજવામાં આવેલ જેમાં મુખ્યત્વે બાળ કાયદાઓ પ્રત્યેની ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ દ્વારા સમજ આપવામાં આવેલ અને જિલ્લામાં ત્યેજાયેલ બાળકો સોપાયેલ બાળકો બાળ સંભાળ ગૃહમાં રહેતા બાળકો કાયદા સાથે સંપર્કમાં આવેલ બાળકો કાયદા સોથ સંઘર્ષમાં આવતા આવતા બાળકો બાબતે જુવેનાઈલ જસ્ટીસ એકટ અનુસાર ચર્ચા કરવામાં આવેલ અને જિલ્લા ખાતે જુવેનાઈલ જસ્ટીસ એકટનું અમલીકરણ પધ્ધતિસર થાય તે બાબતે આયોજન કરવામાં આવેલ.

આ તકે મીટીંગમાં પ્રિન્સિપાલ મેજિસ્ટ્રેટ જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ ચાઈલ્ડ વેલ્ફેર કમિટિનાં ચેરમેન રાજેશભાઈ કાબરિયા, નાયબ પોલીસ અધિક્ષક એ.જી. ગોહિલ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી આર.બી.ખેર, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી વી.યુ.જોષી જિલ્લા તબીબી અધિકારી વાળા તેમજ સરકારી ચિલ્ડ્રન હોમ સ્ટાફ અને બાળ સુરક્ષા સ્ટાફ મિટિંગમાં હાજર રહેલ.

# ગજેરા ગૃપ ઓફ સ્કૂલ્સનાં વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરેલ ૭૩૧૦ રાખડી અને લાગણીભર્યા પત્ર દ્વારા બોર્ડર પરનાં વીર જવાનોને પ્રેમ અને રક્ષા કવચ



ગજેરા ગૃપ ઓફ સ્કૂલનાં વિદ્યાર્થીઓ દ્વારા ૧૫ મી ઓગષ્ટ અને રક્ષાબંધનનો સમન્વય કરતી દેશભકિત અને બહેનનો ભાઈ પ્રત્યેનો પ્રેમ અદા કરતી એક પ્રવૃતિ દરેક વિદ્યાર્થીઓએ કરી હતી. જેમાં શાળાનાં વિદ્યાર્થીઓએ કુલ ૭૩૧૦ લાગણીભર્યા પત્ર લખી સાથે–સાથે રાખડી કવરમાં પેક કરી દેશની રક્ષા કરતાં વીર જવાનો માટે ભારતની બોર્ડર પર મોકલવામાં આવી હતી. આ પ્રવૃતિમાં માત્ર વિદ્યાર્થીઓ જ નહીં પરંતુ વાલીઓ પણ જોડાયા હતાં. વિદ્યાર્થીઓ અને વાલીઓ બન્નેનાં સાથ સહકારથી શાળા દ્વારા રાખડી એકત્રિત કરવામાં આવી હતી. શાળાની N.C.C.ની વિદ્યાર્થીનીઓ દ્વારા N.C.C. ઓફિસમાં ફરજ બજાવતાં જવાનોને એન.સી.સી. ઓફિસ પર જઈને રાખડી બાંધવામાં આવી હતી અને લાગણીભર્યો પત્ર પણ આપવામાં આવ્યો હતો. આ રાખડી અને પત્રો N.C.C. ઓફિસે મોકલવામાં આવી હતી જયાથી એન.સી.સી.નાં જવાનો દ્વારા ૫૦૦૦ જેટલી રાખડી અને પત્રો બોર્ડર પર વીર જવાનો સુધી પહોંચાડવાની બાંહેધરી આપી હતી. આમ ગજેરા ગૃપ ઓફ સ્કૂલની આટલી મોટી સંખ્યામાં રાખડીઓ અને પત્ર બોર્ડર પર મોકલવા બદલ શાળાનાં ટ્રસ્ટી ચુનીભાઈ ગજેરાએ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યાં છે.

## પાના ૮ ઉપરનું ચાલું એસ.સી., એસ.ટી., ઓ.બી.સી.

અન્યાય થઈ રહ્યો છે.

અમે સરકારમાં બેઠેલા ઓ.બી.સી સમાજના નેતાઓને પણ આ ધરણામાં આવવાનું આમંત્રણ આપ્યું પણ કોઈ જ આવ્યા નહિ. સમાજની અવગણના કરીને તેઓ તેમના પક્ષના આદેશ મુજબ હાજર રહયા નહિ. અમે સરકારના નેતા અને મંત્રીઓને કહેવા માંગીએ છીએ કે જે સમાજે તમને આ સ્થાન પર બેસાડયા છે, જે સમાજના લીધે તમે ચૂંટાયા છો એ સમાજને જયારે તમારી જરૂરિયાત હોય ત્યારે તમારે પણ સમાજ માટેની લડાઈમાં મંચ પર આવવું જોઈએ.

ડબલ એન્જિનની સરકારમાં ગુજરાતના ઓ.બી.સી. સમાજના ગરીબોને ડબલ અન્યાય થઈ રહ્યો છે. એક તો રાજકીય રીતે અનામત નાબૂદ કરીને આ સમાજને ખતમ કરવાનુ કામ થઈ રહ્યુ છે અને બીજી બાજુ તેના માટે પુરતુ બજેટ નહી ફાળવીને સમાજને ડબલ અન્યાય કરવામાં આવે છે.

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં અનામત નાબૂદ કરીને આ અન્યાયી સરકાર એક સંદેશો આપવા માંગતી હતી. રાજકીય રીતે અનામત ખતમ કરીને અને પરીક્ષણ કરીને સરકાર જોવા માંગતી હતી કે આવનારા દિવસોમાં આ અનામત શિક્ષણ અને નોકરીઓમાંથી ખતમ કરે તો પ્રતિક્રિયા કેવી આવે છે. પણ આ બિનરાજકીય ઓબીસી સમિતિને અભિનંદન કે આપણા સૌની પહેલથી આ લડાઈ શરૂ થઈને સરકારે જસ્ટીસ ઝવેરીની આગેવાનીમાં એક સમર્પિત આયોગ બનાવવુ પડયુ, જયાં ઓબીસી સમાજે પોતાની તમામ માંગણીઓ રજુ કરી.

આવા સમયમાં જયારે ૭૧૨૦ ગ્રામ પંચાયતો, ૭૫ નગરપાલિકા, ૨ જિલ્લા પંચાયત, ૨૦ તાલુકા પંચાયતની ચૂંટણી થઈ શકી નથી અને ત્યાં વહીવટદાર શાસન ચાલે છે ત્યારે સૌના વતી અમે આ ચાર માંગો સરકાર સમક્ષ મુકવા માંગીએ છીએ.

(૧) જાતિ આધારિત વસ્તી ગણતરી કરવામાં આવે. (૨) સરકાર ઝવેરી આયોગનો રીપોર્ટ પ્રસિદ્ધ કરે અને તમામ સ્થાનીક સ્વરાજયની સંસ્થાઓમાં ઓબીસી સમાજને ૨૭% અનામત આપવામાં આવે. (૩) રાજય સરકારના બજેટમાં ઓબીસી સમાજ માટે ૨૭% રકમની અલગથી ફાળવણી કરવામાં આવે અને એસ.ટી., એસ.સી. સબ પ્લાનની જેમ ઓબીસી સબ પ્લાન કમિટીઓ દરેક સ્તરે બનાવવામાં આવે. (૪) સહકારી સંસ્થાઓમાં એસ.ટી, એસ.સી., ઓબીસી, લઘુમતી સમાજ માટે અનામત લાગુ કરવામાં આવે.

સામાજિક ન્યાય અધિકારીતા અંતર્ગત સરકારે બનાવેલા ૯ નિગમમાંથી ૮ નિગમમાં એસ.સી., એસ.ટી., લઘુમતી સમાજના ઉત્કર્ષ માટે પ્રતિ વર્ષ ૧૬૬ કરોડ ફાળવણી કરવામાં આવે છે જયારે ૧૮% વસ્તિ જે બિન અનામત વર્ગ માટે બનેલ નિગમમાં ૫૦૦ કરોડ ફાળવણી કરવામાં આવે છે. આ હળહળતો ભેદભાવ અને અન્યાય છે. જેમ બિન અનામતના આંદોલન સમયે સૌ સમાજ ભેગા થઈને લડત લડયા હતા એ જ રીતે આજે ગરીબોની લડાઈ માટે સૌ સમાજને અપિલ છે કે આવો સૌ ભેગા થઈને આ લડત લડીએ.

આવનારા સમયમાં શિક્ષણ, નોકરી, અનામત, બજેટની ફાળવણી અને રાજકીય અનામતના સંદર્ભે એસ.સી.,એસ.ટી., ઓ.બી.સી. અને લઘુમતી સમાજ પોતાના હક અધિકાર અને સરકારની ભેદભાવભરી નીતિ સામે મહાપંચાયત બોલાવશે તેમ અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતું.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૨૯૫ | ૧૬૩૦ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૫ | ૧૭૩૦ |
| ૩ | શિંગદાણા | ૧૩૧૫ | ૨૧૫૦ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૬૬૫ | ૧૭૧૫ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૩૩૮૩ |
| ૬ | તલ કાળા | ૩૦૦૦ | ૩૧૫૬ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૯૯૫ | ૩૪૫૫ |
| ૮ | બાજરો | ૩૫૭ | ૪૨૮ |
| ૯ | જુવાર | ૮૬૭ | ૧૧૫૧ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૫૦ | ૫૬૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૦૬ | ૫૨૧ |
| ૧૨ | ચણા | ૮૭૫ | ૧૧૨૦ |
| ૧૩ | તુવેર | ૭૭૫ | ૨૧૮૨ |
| ૧૪ | કપાસ | ૯૯૦ | ૧૫૬૪ |
| ૧૫ | એરંડા | ૧૧૮૨ | ૧૨૨૦ |
| ૧૬ | ધાણા | ૧૧૦૦ | ૧૩૭૬ |
| ૧૭ | સોયાબીન | ૮૭૫ | ૯૨૯ |

## પાના ૧ ઉપરનું ચાલું રાજુલામાં શાંતિપૂર્ણ માહોલમાં

બપોરના બે કલાકે પૂર્ણ થવા પામેલ ત્યારે પોલીસ સ્ટેશન સામેના વેપારીના ઓટલા તેમજ પગથિયાં તોડતા વેપારીમાં નારાજગી જોવા મળેલ. પરંતુ આ બાબતે વેપારીઓ તંત્રને ધ્યાન દોરતા આ નાના પગથિયાં ના તોડવાની સૂચના મળતા આ કામગીરીમાં બ્રેક લાગેલી. બાકી એસ.ટી. ડેપો, રેલવેની જગ્યા, ઝૂંપડપટ્ટી હતી તે પણ રેલવે પોલીસ આવતા આ ઝૂંપડપટ્ટી હટાવવામાં આવેલી.

અંતમાં રાજુલા ચીફ ઓફિસરે જણાવેલ કે હવે કોઈ પણ જાહેર જગ્યા પર કેબિન કે લારી મૂકશે તો દંડ સાથે પોલીસ ફરિયાદ પણ કરવામાં આવશે.

## પાના ૮ ઉપરનું ચાલું માર્ગમાં ૧૫ હજાર કિલો લોખંડનો

મુજબ પીસીસી તેમજ સીસી કામ થયેલ નથી. આ કામે સ્પેસીફીક જગ્યા ઉપરના કોર અને સેમ્પલ કરી સર્ટીફીકેટ કામની ગુણવત્તાના બારોબાર કરાવી સરકારી નાણાનો ભ્રષ્ટાચાર આચરવામાં અને હલકી કક્ષાની સિમેન્ટ વાપરી નબળી કામગીરી કરેલ છે. અને આ બાબતે અગાઉ પર સ્ટલ બાબતેની લેખીત રજૂઆત કરેલ હોવા છતાં કોઈપણ કાર્યવાહી કરવામાં આવેલ નથી. અને આ કામે એમબી રેકર્ડ કરનાર અને ક્રોસ ચેકિંગ કરનાર તમામને બચાવવા અને એજન્સીને આર્થિક ફાયદો કરાવવા આવી નબળી ગુણવત્તાની કામગીરી અને સ્ટીલમાં ગોલમાલને છાવરવામાં આવી રહી છે. રાજય સરકાર ધ્વારા મુળ કામગીરીની સામે ૭૭.૭૭ લાખ જેવી રકમ ૨૩.૫૦% લેખે આપવા છતાં નબળી કામગીરી કરનાર અને નિયત એસ્ટીમેન્ટ મુજબ લોખંડ ન નાખેલ હોવા છતાં સ્થળ ઉપર વિઝીટ બતાવી અને ૧૨.૩૩ લાખનું ૧૫૦૦૦ કિલો જેટલું લોખંડનું બિલ ખોટું એમ.બી.માં રેકર્ડ કરનાર એસ.ઓ. અમરેલી સબ ડીવીઝન ડી.ઈ. સબ ડિવીઝન, તત્કાલીન કાર્યપાલક ઈજનેર અને એજન્સીના મેળાપીપણાથી ગુન્હાહિત કૃત્ય કરેલ હોય. જે સબબની તપાસ સત્વરે કરી/કરાવી આ કામે ફોજદારી રાહે પગલા ભરવા તેમજ રીકવરી કરવા અને થયેલ કામની તપાસ એસ.આઈ.ટી. ટીમ બનાવી ગુણવત્તા તપાસવા અંતમાં માંગ કરેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું રાજુલાનાં ખાખબાઈ ગામે

તોડી ચોરી કરેલ હોય, જે અંગે વૃધ્ધાએ અજાણ્યા આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ રાજુલા પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી.

આ પ્રકારના ગંભીર અનડીટેકટ ગુન્હાના આરોપીને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા માટે અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે અમરેલી એલ.સી.બી.ને માર્ગદર્શન આપેલ હતું. જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી.ટીમ દ્વારા આ ગુન્હાના અજાણ્યા આરોપી અંગે તપાસ હાથ ધરવામાં આવેલ ત્યારે રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં એલ.સી.બી. ટીમને પેટ્રોલીંગ દરમ્યાન રાજુલા, બાયપાસ રોડ, કુંભનાથ મહાદેવ મંદીરની સામેથી દિનેશ ઉર્ફે દકો દેવાભાઇ પરમાર, રહે.વિજપડી, (તા.સાવરકુંડલા)ને શંકાસ્પદ હાલતમાં પકડી પાડી, તેમની ઈસમની પુછપરછ કરતા ઉપરોકત લુંટના ગુનાની કબુલાત આપતા, પકડાયેલ આરોપીને આગળ ની કાર્યવાહી થવા રાજુલા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

આ બનાવ અંગે પુછપરછ દરમિયાન આરોપીએ તેમના અન્ય સાગરીતોની આપેલ વિગત મુજબ વિક્રમ કેશુભાઇ પરમાર, રહે. વિજપડી, દેવાયત સંગ્રામભાઇ ચારોલીયા, રહે.વડલી, (તા.મહુવા) તથા નાથાભાઈ ભામાભાઇ પરમાર, રહે. કરમદીયા, (તા. મહુવા) આરોપી અગાઉના રાજુલા, ડુંગર રોડ ઉપર આવેલ મહાલક્ષ્મી મીની ઓઇલ મીલમાંથી ઘરફોડ ચોરીના ગુનામાં પકડાયેલ હોય,ત્રણેય આરોપીઓ જિલ્લા જેલ, અમરેલી ખાતે છે.

આજથી આશરે ત્રણેક મહિના પહેલા દિનેશ ઉર્ફે દકો દેવાભાઇ પરમાર,વિક્રમ કેશુભાઇ પરમાર, દેવાયત સંગ્રામભાઇ ચારોલીયા, તથા નાથા ભામાભાઇ પરમાર,એમ ચારેય ઈસમોએ ચોરી કરવાનો પ્લાન બનાવેલ અને ચોરી કરવા માટે બોલેરો પીકઅપ ગાડી લઇ ચારેય ઈસમો રાજુલા, હીંડોરણા ચોકડીએ ભેગા થયેલ. બાદમાં આ ચારેય ઈસમો બોલેરો પીકઅપ ગાડી લઈ મોડી રાત્રીના સમયે ખાખબાઈ ગામે ગયેલ અને ખાખબાઈ ગામે એક મકાનમાં પ્રવેશ કરી ઘરની તીજોરી તથા પેટીના તાળા તોડી સોનાના દાગીના તથા રોકડા રૂપિયાની ચોરી કરેલ તેમજ તેની બાજુમાં આવેલ એક મકાનમાં ચોરી કરવા જતા એક મોટી ઉંમરના બહેન જાગી જતા તેને માર મારી તેણે પહેરેલ સોનાના વેઢલા નંગ–૬ તથા કાનમાં પહેરવાની સોનાની ટોટી નંગ ૧ ની લુંટ કરેલ હોવાની હકિકત જણાવેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં 3 મહિલા સહિત

તરૂણીનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું.

જયારે ચોથા બનાવમાં મૂળ રાજસ્થાનનાં વતની અને હાલ લાઠી તાલુકાનાં ઠાંસા ગામે રહેતા કાલુરામ બાબુલાલ મહિડા નામનાં ૩૦ વર્ષિય યુવકે કોઈ અગમ્ય કારણોસર કપાસમાં છાંટવાની ઝેરી દવા પી લેતા આ યુવકનું પણ મોત નિપજયું હતું.

જયારે પાંચમાં અને અંતિમ બનાવમાં બાબરા તાલુકાનાં લોન કોટડા ગામે રહેતા કેશરબેન મયુરભાઈ વાડદોરીયા નામનાં ૨૫ વર્ષિય પરિણીતાએ પોતાને તરસ લાગતા તેણીએ પ્લાસ્ટીકની બોટલમાં પાણી ભરેલ છે. તેમ સમજી ભુલથી ઝેરી દવા પી લેતા તેણીનું પણ મોત નિપજયું હતું. તેણીનો લગ્નગાળો ૨ વર્ષનો હોય બનાવ અંગે વિભાગીય પોલીસ વડા ધ્વારા તપાસ હાથ ધરવામાં આવેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું લીલીયામોટા સહિત રાજયભરનાં

હોય અને સરકાર ધ્વારા યોગ્ય હકારાત્મકતા પણ નહી મળતા ગાંધી ચિંધ્યા માર્ગે સરકારને અમારા રાજય એસોસીએશન ધ્વારા તા. ૪/૮/૨૩નાં રોજ ગુજરાત સરકારનાં મુખ્યમંત્રી અને પુરવઠા મંત્રીને પત્ર ધ્વારા જણાવેલ કે અમારા રેશન ડીલરો એસોસીએશનને કમીટમેન્ટ મળેલ પડતર માંગણીઓ લાંબા સમયથી વણઉકેલાયેલી રહી હોવાથી નાછુટકે મજબુરીવશ આવી કારમી મોંઘવારીમાં રાજય લેવલનાં બંને એસોસીએશનની ઉપક્રમે તા. ૧/૮/૨૩નાં રોજ મળેલ સાધારારણ સભામાં સર્વાનુમતે નકકી થયા મુજબ આગામી સપ્ટેમ્બર ૨૦૨૩નો જથ્થો ગુજરાત રાજયનાં કોઈપણ રેશન ડીલર દુકાને કાર્ડધારકોને વિતરણ માટે જથ્થો ઉપાડશે કે ઉતારશે નહી. આ ઠરાવને અમારો જિલ્લો તથા તાલુકો સંપૂર્ણપણે સમર્થન/ટેકો જાહેર કરે છે. અને તે મુજબ અમો રાશન ડીલરો સપ્ટેમ્બર–૨૦૨૩નો જથ્થો દુકાને ઉતારીશું નહી તેની આપને આથી જાણ કરીએ છીએ તેમ અંતમાં જણાવેલ છે.


### જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર એડવોકેટ હિતેષભાઇ એમ. મીઠાપરાએ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટિસથી જાણ/તાકીદ કરું છું કે, અમારી પાસેથી અમારા અસીલ ગોપાલભાઈ ધીરૂભાઈ ચાવડા રે. અમરાપરા, મુ. બાબરા વાળાની મિલકત કે જેનુ વર્ણન નીચે પ્રમાણે છે. તે મિલકત સંદર્ભ અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

બાબરા નગર પાલિકામાં આવેલ મિલકત રે.સ.નં. ૩૮૫/પૈકી ૧, પૈકી ૨ ની બિન ખેતી પ્લોટ નં. ૨૭ પૈકી આવેલ ગોડાઉન નં. ૨૭/૨ ક્ષેત્રફળ ચો.મી. ૩૬.૧૭ વાળી મિલકતનું ટાઈટલ કલીયર રીપોર્ટ છે તે અમારા અસીલે દસ્તાવેજ નં. ૭૭૫/૧૮ તથા ચૂક દસ્તાવેજ નં. ૧૪૬૪/૨૩ થી જયસુખભાઈ બાલાભાઈ સોજીત્રા રે. વાંડળીયા, તા. બાબરા, જી. અમરેલી પાસેથી ખરીદ કરેલ છે.

તો મિલકતમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સરકારી કે અર્ધ સરકારી – અર્ધ સરકારી સંસ્થાનું હિત સમાયેલ હોય કે ઉપરોકત મિલકત મિલકત કોઈની પાસે ગીરો ગયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો આવેલ હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખિત આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ / એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વીત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં જેથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૨૨/૦૮/૨૦૨૩
ઓફીસ મામલતદાર ઓફીસ સામે,
મર્કેન્ટાઈલ બેંક નીચે, મુ. બાબરા.
મો. ૯૯૨૫૦ ૧૬૦૨૮

**હિતેષભાઇ એમ. મીઠાપરા**
(એડવોકેટ)


## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૨૦ |
| ૨ | ચણા | ૭૫૫ | ૧૦૭૨ |
| ૩ | જુવાર | ૯૮૦ | ૯૮૦ |
| ૪ | ચણા સફેદ | ૧૩૬૦ | ૧૩૬૦ |
| ૫ | સોયા | ૭૦૦ | ૯૧૪ |
| ૬ | ઘઉં લોકવન | ૪૯૨ | ૫૦૦ |
| ૭ | એરંડા | ૧૧૫૫ | ૧૧૫૫ |
| ૮ | તલ સફેદ | ૩૨૦૧ | ૩૩૪૫ |
| ૯ | શીંગદાણા | ૨૦૦૦ | ૨૦૦૦ |

## પાના ૮ ઉપરનું ચાલું દીવ : ગંગેશ્વર મહાદેવને

જે દ્રશ્ય ખુબ જ અદભુત જોવા મળે છે, શ્રાવણ માસ દરમિયાન પર્યટકો તથા સ્થાનિકો ભક્તોએ દર્શન માટે ઉમટયા

શ્રાવણ માસ દરમિયાન લોકો મહાદેવની આરાધના કરતા હોય છે દીવમા પણ ગંગેર મહાદેવનુ મંદિર પ્રખ્યાત છે જે દીવના ફુદમ ગામે આવેલ ખૂબ જ પ્રાચીન મંદિર છે, તો ચાલો જાણીએ ગંગેર મહાદેવ વિશે ગંગેર મહાદેવનુ મંદિર પાંચ હજાર વર્ષથી પણ વધુ જુનુ છે જેની રચના પાંડવો દ્વારા કરવામાં આવી હતી પાંચ પાંડવો વનવાસ દરમિયાન દીવ પણ આવી પહોંચ્યા હોવાની લોક વાયકા છે તેઓ મહાદેવની પુજા કર્યા વગર ભોજન ગ્રહણ કરતા નહી તેથી અહી સ્થિત પાંચ શિવ લિંગની સ્થાપના પાંચ પાંડવો એ તેમના કદ અનુસાર કરી હતી, અને પુજા કરી ભોજન કર્યુ હતુ ત્યાર થી અહી આ પાંચ પાંડવ રચીત શિવલિંગ પુજાય છે આ પાંચેય શિવલિંગ નજીક એક પાણીનુ ખાડો હતો, કહેવાય છે કે દરીયાનુ ગમે તેટલુ ખારૂ પાણી આવે પણ તે ખાડા મા મીઠુ પાણી જોવા મળે છે લોકોનુ કહેવુ છે કે એ ગંગાજળ છે જેથી પણ આનુ નામ ગંગેર પડયુ હોવા નીમાન્યતા છે આ પાંચેય શિવલિંગને રોજ સમુદ્ર પોતે અભિષેક કરે છે શ્રાવણ માસ દરમિયાન અહી ભક્તોની ભીડ જોવા મળે છે અને શિવલિંગને સમુદ્રનો અભિષેક સૌ કોઈ પોતાના મોબાઈલ મા કેદ કરતા નજરે પડે છે ગંગેર મહાદેવનુ મંદિર સમુદ્ર કિનારે હોવાથી તેખુબ આકર્ષક લાગે છે અહી દેશ વિદેશ ના પર્યટકો જોવા મળે છે જેવો દર્શનના લાભની સાથે ફોટોગ્રાફી અને સેલ્ફીની પણ મજા માણતા હોય છે અહી ઘણા રાજનેતાઓ પણ દર્શનાર્થે આવી ચુકયા છે ભુતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રતિભા પાટિલ દીવ મુલાકાત દરમિયાન ગંગેર મહાદેવના દર્શન કરવા આવ્યા હતા અને બીજી મુલાકાતમા તેમને મહાપુજાનુ આયોજન કર્યુ હતુ કહેવાય છે કે એમની કોઈ મનોકામના પૂર્ણ થવાથી આ મહાપુજા નુ આયોજન થયુ હતુ, પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે પણ અહીં પૂજા તથા દર્શનનો લાભ લીધો હતો, ઘણા લોકોનુ કહેવુ છે કે ગંગેર મંદિરનો ઉલ્લેખ ધાર્મિક ગ્રંથોમા પણ છે આ મંદિરમાં વાર ત્યોહાર ખૂબ જ ધામધૂમથી ઉજવવામા આવે છે ગંગેર મહાદેવ મંદિરના પ્રાંગણમાં ગંગેર મહાદેવનો ઈતિહાસ લખેલો જોવા મળે છે.


### સંકુલ BA-MA & B.Com.-M.Com. પ્રવેશ

* Major સાયકોલોજી – Minor સોસીયોલોજી – Inter ઈકોનોમિક્સ
* Major સોસીયોલોજી – Minor સાયકોલોજી – Inter ઈકોનોમિક્સ
* Major ઈંગ્લીશ – Minor સોસીયોલોજી – Inter ઈકોનોમિક્સ
* M.A. સાયકોલોજી & M.A. સોસીયોલોજી – & M.A. ઈંગ્લીશ
* ગુજરાતી મિડીયમ B.Com.-M.Com. & ઈંગ્લીશ મિડીયમ B.Com.-M.Com.

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સ્થા.- શ્રીમતિ [illegible]
[illegible] ગજેરા શૈક્ષણિક સંકુલ, [illegible] રોડ, અમરેલી * ફોન:[illegible] Ad061



### જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર કૌશલભાઈ બી. પંડયા, એડવોકેટ–અમરેલી ના આથી અમારા અસીલ, જાવેદભાઈ મુસાભાઈ સૈયદ, રહે.ધારી, તાલુકો–ધારી, જીલ્લો–અમરેલી ની મિલ્કત અંગે લાગતા–વળગતા સર્વોને આ નોટીસથી જાણ કરીએ છીએ કે ગુજરાત રાજયના અમરેલી જીલ્લાના ધારી તાલુકાના ધારી ગામે સરસીયા રોડ ઉપર રેલ્વે ફાટક પાસે આવેલ રે.સ.નં.૬૭૩ પૈકીની જમીન માહે આવેલ બીનખેતીમા ફેરવાયેલ ચો.મી.૨૭૮–૭૦ ની જમીનના માલીક ઉષ્માબેન શાંતીલાલ પરમાર પાસેથી આ જમીન અમારા અસીલ એ વેચાણ રાખવા નકકી કરેલ છે અને તે અંગેનો વેચાણ કરાર પક્ષકારો વચ્ચે કરવામા આવેલ છે. ઉપરોકત રે.સ.નં.૬૭૩ ની ખેતીની જમીનના અન્ય જમીન સાથે માલીક છોટાલાલ કરમચંદભાઈ હતા. ત્યારબાદ આ જમીન ઉતરોતર તા.૮/૨/૧૯૭૪ ના વેચાણલેખથી વિઠલદાસ માધવજી ગોહેલ, બાબુલાલ માધવજી ગોહેલ તથા પ્રભુદાસ માધવજી ગોહેલના માલીકી હકકે આવેલ. જે પૈકી વિઠલદાસ માધવજી ગોહેલના વારસો શ્રી રસીકલાલ વિઠલદાસ ગોહેલ વિગેરે તથા બાબુલાલ માધવજી ગોહેલના વારસો જયાબેન ગોહેલ વિગેરે તથા પ્રભુદાસ માધવજીભાઈ ગોહેલ ના કુલમુખત્યાર શ્રી દિલીપકુમાર વૂજલાલ દાવડા, રહે.ધારી (ઠે.મારૂતિનગર) પાસેથી આ સર્વે નં.૬૭૩ પૈકી ચો.મી.૨૭૮–૭૦ ની જમીન તથા અન્ય જમીન ચો.મી.૮૦૯–૩૪ શ્રી ઉષ્માબેન શાંતીલાલ પરમાર રહે.ધારી (ઠે.નવી વસાહત) નાએ તા.૯/૫/૨૦૧૧ ના સબ રજીસ્ટ્રારશ્રી, ધારીની કચેરીમા નોંધાયેલ વેચાણલેખ નં.૭૮૮ થી વેચાણ રાખેલ છે ત્યારથી તેમના માલીકી હકકે આવેલ છે. તે પૈકી ચો.મી.૨૭૮–૭૦ ની જમીન શ્રી ઉષ્માબેન શાંતીલાલ પરમાર, રહે.ધારી પાસેથી વેચાણ રાખવા અમારા અસીલ જાવેદભાઈ મુસાભાઈ સૈયદ, રહે.ધારી, તાલુકો–ધારી, જીલ્લો–અમરેલીએ નકકી કરેલ છે. સદરહુ મિલ્કત સબંધે અમારા પાસેથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરવામા આવેલ હોય જેથી સદરહુ મિલ્કત સબંધે કોઈ ઈસમ/વ્યકિતનુ કે, કોઈ નાણાકીય સંસ્થા કે, સરકારી, સહકારી કે અર્ધસરકારી સંસ્થાનુ હીત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામા આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૩ મા લેખીતમા આધાર–પુરાવા સાથે રજીસ્ટર પોષ્ટ એ.ડી.થી જણાવવુ. અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા–તકરાર નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અમારા તરફથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામા આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામા આવશે નહી જેની લાગતા–વળગતા સર્વેએ નોંધ લેવી.

તા. ૨૩/૮/૨૦૨૩

Pandya Advocates

**કૌશલભાઈ બી. પંડયા**
**એડવોકેટ**
અંબિકા ચેમ્બર્સ, માણેકપરા, અમરેલી

## નારદ

કે સંપૂર્ણ પૃથ્વી પર ઘરઘરમાં અને તમામ જનસમુદાયમાં હું ભકિતની સ્થાપના કરીશ. એ ભકિતના પ્રસાર અને પ્રચારમાં જ જીવન વ્યતીત કરી સ્વયં ધન્ય બની અન્યોને ધન્ય બનાવી રહયા. એમનો હેતુ એક જ હતો કે મનુષ્ય ત્વરાથી ભગવાનને પ્રાપ્ત કરે.'

પ્રગાયત : સ્વવીર્યાણિ તીર્થપાદ : પ્રિયશ્રવા : ।
આહૂહત ઈવ મે શીધ્રં દર્શન્ર યાતિ ચેતસિ ॥

– શ્રીમદ્ ભાગવત : ૧/૬/૩૪

નારદજીએ પોતે જ કહયું છે : ''હું જયારે પરમપાવનચરણ ઉદારશ્રવા પ્રભુના ગુણોનું ગામન કરવા લાગું છું ત્યારે સ્વયં પંભુ એ જ ક્ષણે મારા ચિત્તમાં પ્રગટ થાય છે.''

'શ્રીમદ્ ભાગવતમાં ગવાયેલ સમગ્ર સ્તુતિઓને ભકતની યોનિના આધારે ત્રણ વિભાગમાં વહેંચવામાં આવે છે :


૧. દેવયોનિ અને ૨. મનુષ્યયોનિમાં ઉત્પન્ન ભકતો તેમ જ ૩. પ્રકૃતિ સાથે સંબંધ ધરાવતા ભકતો.

વૈષ્ણવ ભકતોમાં દેવયોનિના ભકતો તરીકે અગ્નિ, ઈન્દ્ર, દેવગણ, બ્રહ્મા, રુદ્ર, વરુણ, શિવ, નારદાદિનો સમાવેશ થાય છે.

ભીષ્મ, અર્જુન, પૃથુ, અંબરીષ, ઉદ્ધવ, ગોપીઓ, ધ્રુવ, પ્રહ્લાદ વગેરે મતુષ્યયોનિના સર્વશ્રેષ્ઠ ભકતો છે, જયારે યમુના નદી, નક્ષત્રો, પૃથ્વી વગેરે પ્રકૃતિ સાથે સંકળાયેલા ભકતો છે.

'શ્રીમદ્ ભાગવત'ના છઠ્ઠા સ્કંધમાં (૬.૧૬.૧૮–૨૫) નારદજી આઠ શ્લોકો દ્વારા ભગવાન સંકર્ષણાની સ્કૃતિ કરે છે. અહીં ભગવાના પરમ શાંત સ્વરૂપનો મહિમા નિષ્કામભાવથી ગાવામાં આવ્યો છે. એકંદરે આ સ્મૃતિ

## આપણા ઋષિઓ...





**સંપાદક : જર્નાદનભાઈ જે. જોશીપુરા**

**સૌજન્ય : હીમાબેન યાજ્ઞીક**

તત્વજ્ઞાનપ્રધાન વધુ છે.

'નારદપુરાણ'માં ઋષિ નારદે મિત્રભાવપ્રધાન સ્તુતિઓ તેમજ 'શ્રીમદ્ ભાગવત'માં પ્રેમભાવપ્રધાન અને તત્વજ્ઞાન સ્તુતિઓ (૫.૧૯.૧૧ – ૧૫, ૬.૧૬.૧૮ – ૨૫) ગાયેલી છે.

વળી 'શ્રીમદ્ ભાગવત'ના પાંચમાં સ્કંધમાં (૫.૧૯.૧૧–૧૫) પાંચરાત્ર દર્શનના સાવર્ણિમુનિને ઉપદેશ આપવા માટે ભારતવર્ષની વર્ણાશ્રમ ધર્માવલંબી પ્રજા સાથે અત્યંત ભકિતભાવથી ભગવાન નર–નારાયણની ઉપાસના કરી તેમના સ્તોત્રનું ગાન કરે છે.

અનેક ઋષિઓએ પ્રસન્નતાની સાથે ક્રોધની માઝા મૂકી છે, વરદાનો સાથે શાપ પણ દીધા છે, જયારે નારદ એક જ દેવર્ષિ એવા છે કે જેઓએ નથી કયારેય ક્રોધ કર્યો, નથી કોઈને શાપ આપ્યો. નારદ તો છે કેવળ ભકિતયોગના આચાર્ય અને તેથી તો તેઓ મોક્ષના પ્રતિનિધિ છે.

એમનો સંશય દીર્ધજીવી નથી, ડંખ રાખવો એમનો સ્વભાવ નથી, એમનામાં માન મેળવવાની ભૂખ નથી અને તેથી તેઓ આત્મસ્તુતિ–રત પણ નથી. સ્વપ્રશંસા એમને પસંદ નથી. એઓ ઈર્ષ્યારહિત છે અને દ્રઢ સંભાષણ કરનારા મહાન વકતા છે. કોઈની પણ નિંદા કર્યા વિના સૃષ્ટિજ્ઞાનની કુશળતા પામેલા તેઓ સર્વના કલ્યાણની ખેવના રાખનારા છે. એમને નથી.

આગમની અદેખાઈ કે નથી તપ વડે સમૃદ્ધિ પામવાની ઘેલછા, તપસિદ્ધ બનવા પલાંઠી વાળીને બેસવું એમને ફાવતું નથી. તેઓ તો બસ મનને વશ રાખી, પ્રજ્ઞાની સાધના કરી, સર્વમંગલની કામના કરી સમયનો સદુપયોગ કરવામાં જ વ્યસ્ત છે. નિયમબદ્ધ હોવાથી તેઓ સ્થિરબુદ્ધિ અને અનાસકત છે, દક્ષ છે, શુચિ છે, શૂરવીર છે, સત્યવકતા છે અને સમયપારખુ હોવાથી તેમના સર્વ કાર્ય સિદ્ધ થાય છે. નવ શાસ્ત્રોના જાણકાર નારદ સર્વગુણસંપન્ન છે.

જેમનું એક ઉપનિષદ ધારણ કરી પ્રહ્લાદે જગતમાં માયા પર વિજય મેળવ્યો, જેમની કૃપાથી બાળક ધ્રુવ અવિચલ ધામને પામ્યો તે મંગલમૂર્તિ બ્રહ્માના પુત્ર નારદ ભકિતમાર્ગના મુખ્ય આચાર્ય છે, સત્સંગના આરાધક છે.

શ્રવણમાં અપાર શ્રધ્ધા ધરાવતા, જ્ઞાન, ભકિત, વૈરાગ્ય, નામજપ અને ભગવાનના ચરિત્ર સંભળાવવામાં જેઓ આજેપણ દ્રષ્ટાંતરૂપ છે, તેમ જ ભકિતની ભાગીરથીને પૃથ્વી પર અવતરિત કરી અવિરત પ્રવાહિત કરનાર આદિ અને અનન્ય ભકત એવા નારદજીને નમસ્તકાર ! **(ક્રમશઃ)**

# મોરજર ખાતે ગોપીઓ દ્વારા પુરૂષોત્તમ ભગવાનનું વિસર્જન



ચલાલા, તા.૨૨

સમગ્ર વિશ્વમાં પુરૂષોતમ માસની ઉજવણી કરવામાં આવી રહી હોય ત્યારે ધારી તાલુકાનાં મોરજર ખાતે આવેલું અતિ પૌરાણીક ચામુંડા માતાજીના મંદિર ખાતે ગોપીઓ દ્વારા ગોરમાં બનાવી આખો પુરૂષોતમ માસમાં પુજન અર્ચન કરીને અધિક શ્રાવણ માસની ઉજવણી કરવામાં આવી હતી. ત્યારબાદ આજે પુરૂષોતમ માસની પુર્ણાહુતિ પ્રસંગે ગોપીઓ દ્વારા મોરજર ગામથી પગપાળા ચાલીને શ્રી ચામુંડા માતાનાં મંદિર થઈને મોરસુપડા ડેમમાં પધરાવી પુરૂષોતમ માસની પુર્ણાહુતિ કરી હતી આ સમગ્ર આયોજનમાં દક્ષાબેન ભેસાણીયા, કૈલાસબેન, વિલાસબેન તેમજ ભાનુબેન સહીતનાં મોખરે રહયા હતા. તેવી પરમેશભાઈ ભેસાણીયાની યાદી જણાવે છે.

# જવાહરલાલ નહેરૂ જુનિયર હોકી સ્પર્ધા માટે તા.૨૫ ઓગષ્ટ સુધીમાં અરજી કરવી

અમરેલી તા.૨૨

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે.આગામી સમયમાં અમરેલી જિલ્લા રમત વિકાસ કચેરી દ્વારા જવાહરલાલ નહેરૂ જુનિયર હોકી સ્પર્ધા – ૨૦૨૩–૨૪ યોજવામાં આવશે.


આ માટે તા.૨૫ આગસ્ટ, ૨૦૨૩ સુધીમાં અરજી પહોંચાડવી. જિલ્લાની તમામ શાળાઓના ખેલાડીઓને વિવિધ વય જૂથની જવાહરલાલ નહેરૂ જુનિયર હોકી સ્પર્ધા ૨૦૨૩–૨૪માં વધુમાં વધુ ખેલાડીઓને ભાગ લેવા માટે અનુરોધ છે. (૧) જવાહરલાલ નહેરૂ સબ જુનિયર હોકી ભાઈઓ અંડર – ૧૫ જન્મ તારીખ ૦૧/૧૧/૨૦૦૮ પછી જન્મેલા હોવા જોઈએ. (૨) જવાહરલાલ નહેરૂ જુનિયર હોકી ભાઈઓ અંડર–૧૭ જન્મ તા. ૦૧/૧૧/૨૦૦૬ પછી જન્મેલા હોવા જોઈએ.આ મુજબ બે વયજુથ રહેશે.

શાળાઓ દ્વારા ખેલાડીઓની એન્ટ્રી તા.૨૫/૦૮/૨૦૨૩ સુધીમાં કરવી. જે વિગતો અમરેલી જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ચિતલ રોડ, ગોળ દવાખાનાની બાજુમાં, અમરેલી પિન ૩૬૫૬૦૧ ખાતે ફરજિયાત મોકલવી. વધુ માહિતી માટે નં. (૦૨૭૯૨) ૨૨૧૯૬૧ પર સંપર્ક કરવા માટે જિલ્લા રમત વિકાસ અધિકારી,અમરેલીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### દુનિયાભરની નજર ચંદ્ર ઉપર

# આપણા વૈજ્ઞાનિકોની હાર્ટ બીટ જેટ ઝડપે ચાલી રહી છે

### આજે સાંજે ૬:૦૦ કલાકે, તમામનાં મનમાં એક જ સવાલ, શું થશે...?!?



અત્યારે તો કંઈ નથી, સોફટ લેન્ડિંગ પછી અસલી લડાઈ શરૂ થશે. ચંદ્રને સ્પર્શ્યા પછી વિક્રમ અને પ્રજ્ઞાન શું–શું કરશે. લેન્ડિંગનો સમય હવે નજીક આવી રહ્યો છે. ઈસરોએ બુધવારે એટલે કે ૨૩ ઓગસ્ટની સાંજે ૬.૦૪ વાગ્યાનો સમય નક્કી કર્યો છે. જો કે, પરિસ્થિતિનાં આધારે ઉતરાણનાં નિર્ધારિત સમયનાં બે કલાક પહેલાની પરિસ્થિતિનાં આધારે તેની તારીખ બદલી શકાય છે અને લેન્ડિંગ ૨૭ ઓગસ્ટ સુધી લંબાવી શકાય છે. પરંતુ ઈસરો માટે ખરાખરીનું યુદ્ધ માત્ર સોફટ લેન્ડિંગ જ નથી. પરંતુ વિક્રમ અને પ્રજ્ઞાનની જોડી ચંદ્રની સપાટી પર પહોંચ્યા બાદ શું કરે છે તેના પર પણ દુનિયાની નજર છે. જો ચંદ્રયાન–૩ ૨૩ ઓગસ્ટે સાંજે ૬.૦૪ વાગ્યે ચંદ્ર પર યોગ્ય રીતે ઉતરે છે તો તે પોતાનું કામ શરૂ કરી દેશે. મિશનનું વિક્રમ લેન્ડર ચંદ્રની ખૂબ નજીક છે અને બુધવારે જ ઉતરવાનું શરૂ કરશે. લેન્ડર હાલ લેન્ડિંગ એરિયાની તસવીરો લઈ રહ્યું છે, જેનો ઈસરો અભ્યાસ કરી રહ્યું છે. વિક્રમ લેન્ડર સફળ તાપૂર્વક લેન્ડ થયા બાદ આગામી ૧૪ દિવસ સુધી એક મહત્વની લડાઈ લડવી પડશે.

વિક્રમ લેન્ડરમાંથી બહાર આવી રહેલા પ્રજ્ઞાન રોવરની કુલ ઉંમર ૧૪ દિવસની છે, જે ચંદ્ર માટે એક દિવસ બરાબર હશે. આ દરમિયાન લેન્ડર પર ૩ પેલોડ અને રોવર પર ૨ પેલોડ એકિટવ રહેશે. જે મિશન દરમિયાન તેમનું કામ કરશે. દરેકનું પોતાનું મિશન છે, જેમાં પ્લાઝમાં સપાટીની તપાસ, થર્મલ પ્રોપર્ટીની તપાસ, લેન્ડિંગ સાઈટનું પરીક્ષણ કરવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પ્રજ્ઞાનનાં પેલોડસ ચંદ્રની માટી, પથ્થર અને અન્ય વસ્તુઓની તપાસ કરશે.

જયારે વિક્રમ લેન્ડર ચંદ્રની સપાટી પર ઉતરશે, તેનાં થોડા સમય બાદ જ તે એક બાજુથી ખુલશે અને એક ટ્રેક બનાવશે, જયાંથી પ્રજ્ઞાન રોવર ચંદ્ર પર આવશે. પ્રજ્ઞાન રોવર અહીં ૧ સે.મી. તે ૧૦૦ કિ.મી. પ્રતિ સેકન્ડની ઝડપે આગળ વધશે. આ દરમિયાન તેના વ્હીલ પર ઈસરોનો લોગો ચંદ્ર પર પ્રિન્ટ થશે અને ત્રિરંગો લહેરાતો હશે. પ્રજ્ઞાનની વર્કિંગ વય ૧૪ દિવસની છે, તે પોતાનો તમામ ડેટા વિક્રમ લેન્ડરને આપશે અને ત્યાંથી ડેટા સીધો જ ધરતી પર આવશે.હાલની સ્થિતિ મુજબ પ્રજ્ઞાન માત્ર એક ચંદ્ર દિવસ એટલે કે ૧૪ દિવસ માટે સક્રિય રહેશે. કારણ કે તેઓ ચંદ્રનાં દક્ષિણ ધ્રુવ પર ઉતરાણ કરી રહ્યાં છે, તેથી તેનાં રિચાર્જની આશા ઓછી છે. જો કે ઈસરોને વિશ્વાસ છે કે પ્રજ્ઞાન અને વિક્રમ એક વધારાના ચંદ્ર દિવસ માટે કામ કરી શકે છે, જયાં તેમને સૂર્યની મદદ મળી શકે છે. જો આમ થશે તો ઈસરોનાં મિશનની આ મોટી સફળતા હશે અને ચંદ્ર પરથી વધારાનો ડેટા ભારત આવી શકશે. બુધવારે સાંજે ૫.૨૦ વાગ્યે ઈસરો વિક્રમ લેન્ડરનાં લેન્ડિંગનું લાઈવ પ્રસારણ શરૂ કરશે. રશિયાનું લુના–૨૫ ક્રેશ થઈ ચૂકયું છે, તેથી હવે સમગ્ર વિશ્વ ભારત પાસેથી અપેક્ષા રાખી રહ્યું છે. કારણ કે જો ચંદ્રયાન–૩ સોફટ લેન્ડિંગમાં સફળ થશે તો ભારત દુનિયાનો પહેલો એવો દેશ હશે જે ચંદ્રનાં દક્ષિણ ધ્રુવ પર ઉતરશે. જણાવી દઈએ કે છેલ્લા દિવસે ચંદ્રયાન–૨નાં ઓર્બિટરે ચંદ્રયાન–૩ સાથે સંપર્ક કર્યો છે, બંને હવે એકબીજા સાથે ડેટા શેર કરી રહ્યાં છે. ચંદ્રયાન–૨ વર્ષ ૨૦૧૯માં સોફટ લેન્ડિંગ કરવામાં નિષ્ફળ રહ્યું હતું. પરંતુ તેનું ઓર્બિટર હજુ પણ કામ કરી રહ્યું છે અને તેનાથી હવે ચંદ્રયાન–૩ને મદદ મળી રહી છે.

**– પ્રતાપભાઈ ખુમાણ**
**સાવરકુંડલા**

### ગરીબ પરિવારોની દીકરીનાં હિતમાં ઉમદા કાર્ય

# ચલાલામાં તુલસી વિવાહ સાથે સમુહ લગ્નનું આયોજન

### મા મોગલ માનવ સેવાગૃપ દ્વારા તડામાર તૈયારીઓ

ચલાલા, તા.૨૨

શ્રી દાનમહારાજની પાવન ભુમી ચલાલાને આંગણે શ્રી માં મોગલ માનવ સેવાગૃપ દ્વારા તુલસી વિવાહ સાથે સર્વજ્ઞાતિય સમુહ લગ્નનું આયોજન કરવામાં આવેલ છે. આ આયોજનનો મુખ્ય હેતુ ગરિબ પરિવારની દરેક દિકરીઓને કરીયાવરની વસ્તુઓ વધુને વધુ મળે. આ સમુહ લગ્નમાં જોડાવા ઈચ્છતા વર–કન્યાઓની ઉંમર સરકારશ્રીનાં નિયમ મુજબ દિકરાની ઉંમર–૨૧ વર્ષ પુરા એન દિકરીની ઉંમર ૧૮ વર્ષ પુરા હોવા જરૂરી છે. આ સમુહ લગ્નમાં જોડાવા માટે જરૂરી ડોકયુમેન્ટ, જન્મ તારીખ દાખલો, રેશનકાર્ડ, આધારકાર્ડ ચુંટણી કાર્ડ તથા વર – કન્યાનાં બે–બે ફોટાઓ સોથ વર–કન્યા અને તેનાં વાલીઓએ ચલાલા દાનેવ ટ્રાવેલ્સ ઓફિસે રૂબરૂ આવવાનું રહેશે. ગરિબ પરિવારની દરેક દિકરીઓનાં લગ્ન ફકત ટોકન ફી લઈને કરી આપવામાં આવશે અને દરેક દિકરીઓને કરિવાર વસ્તુઓ આપવામાં આવશે. ખુબ જ મરર્યાદિત સંખ્યા લેવાની હોય વહેલા તે પહેલાનાં ધોરણે ફોમ ભરવાનું કામ શરૂ છે. વધુ વિગત માટે શ્રી માં મોગલ સેવા ગૃહ મો.૯૪૦૮૨ ૭૮૮૫૩,૯૦૬૭૧ ૦૨૦૪૪ ઉપર સંપર્ક કરવા ચલાલાનાં પત્રકાર પ્રકાશભાઈ કારીયા, વિપુલભાઈ કારીયાની યાદીમાં જણાવેલ છે.

### તા.૩૧ ઓગષ્ટ–૨૦૨૩ સુધીમાં ઓનલાઈન અરજી કરવી

# સાવરકુંડલા આઈ.ટી.આઈ. ખાતેનાં વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવો

સાવરકુંડલા,તા.૨૨

સાવરકુંડલા આઈ.ટી. આઈ ખાતે વિવિધ અભ્યાસક્રમો શરૂ છે. તા.૩૧ આગસ્ટ, ૨૦૨૩ સુધી ચોથા રાઉન્ડના અંતે ખાલી રહેતી બેઠકો પર પ્રવેશ ફોર્મ ભરી શકાશે. https://itiadmission. gujarat.gov.in પરથી ફોર્મ ભરવાનું રહેશે. આ ઉપરાંત રૂા.૫૦ રજીસ્ટ્રેશન ફી સાથે જરૂરી પ્રમાણપત્રો સહિત પરત જમા કરાવવાનું રહેશે, તેમ સાવરકુંડલા આઈ.ટી.આઈ.ના આચાર્યની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# અમરેલી ખાતે ૨૮ ઓગષ્ટે રોજગાર કચેરી દ્વારા ભરતી મેળો

અમરેલી તા.૨૨

અમરેલી જિલ્લા રોજગાર કચેરી દ્વારા નિયમિત રીતે અનુબંધમ વેબ પોર્ટલના માધ્યમથી ભરતી મેળ ાનું આયોજન કરવામાં આવે છે. ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમ મહિન્દ્રા સીઆઈઈ ઓટોમોટિવ લિ. શાપર જિ. રાજકોટ માટે ૧૮ થી ૪૫ વર્ષની વયમર્યાદા તેમજ ખાલી જગ્યાઓને અનુરૂપ ધો૧૦, ડિપ્લોમા તેમજ આઈ.ટી.આઈ. તમામ ટ્રેડની તકનીકી લાયકાત ધરાવનારની આવશ્યકતા છે.

એઆમ લિ. ભાવનગર માટે બ્રાંચ મેનેજર તેમજ આસિ. બ્રાંચ મેનેજરની જગ્યાઓ માટે ૧૮ થી ૩૫ વર્ષની વયમર્યાદા અને ધો.૧૦ અને ધો.૧૨ તેમજ સ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવનારની આવશ્યકતા છે. અનુબંધમ વેબ પોર્ટના માધયમથી આગામી તા.૨૮ ઓગસ્ટ,૨૩ને સોંમવારના રોજ સવારે ૧૧ વાગ્યે કમળશી હાઈસ્કૂલ બાબરા ખાતે ભરતીમેળો યોજાશે. આ ઉપરાંત અનુબંધમ પોર્ટલ http://anubandhan.gujarat.gov.in/account/signup પર આધાર કાર્ડ, શૈક્ષણિક લાયકાતના દસ્તાવેજો સાથે જોબ સીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે. નોંધણી થયા બાદ પોર્ટલ પર લોગ ઈન કરીને પોર્ટલ પર જોબ ફેરના મેનુમાં ક્લિક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબ ફેરમાં ભાગલઈ શકશે.

વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, અમરેલીના કોલ સેન્ટર નંબર ૬૩૫૭૩ ૯૦૩૯૦ પર સંપર્ક કરવા જિલ્લા રોજગાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

# અમરેલીની કમાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટસ કોલેજમાં કારકિર્દી સેમિનાર યોજાયો

અમરેલી, તા. ૨૨

કમાણી સાયન્સ કોલેજ અને પ્રતાપરાય આર્ટસ કોલેજ, અમરેલી ખાતે બી.સી.એ. વિભાગ દ્વારા પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓને કેરીયરલક્ષી સેમિનારનું આયોજન થયું.



આ સેમિનાર કેવલભાઈ મહેતા દ્વારા વિદ્યાર્થીઓને મોટીવેશન અને વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દી બનાવવા માટે ચોકકસ લક્ષ્ય કેમ બનાવવું તેની માહિતી આપવામાં આવી હતી. કેવલભાઈ મેહતા પણ આજ કોલેજનાં વિદ્યાર્થીઓ રહી ચુકયા છે. આ કાર્યક્રમનું સફળ આયોજન શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા ટ્રસ્ટનાં મેનેજમેન્ટનાં માર્ગદર્શન હેઠળ બી.સી.એ. વિભાગનાં સ્ટાફ દ્વારા થયું હતું.

# સા.કુંડલા ખાતે શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજનાં ૧૦૫માં પ્રાગટય ઉત્સવની ઉત્સાહભેર ઉજવણી



શ્રી મહાપ્રભુજી બેઠકજી ટ્રસ્ટ સાવરકુંડલા ખાતે આજે તારીખ ૨૧/૮/૨૩ ને સોમવાર શ્રાવણ સુદ ૫ નાં નિત્યલીલા પૂજયપાદ શ્રી વીઠ્ઠલેશરાયજી મહારાજશ્રીનો ૧૦૬ મો પ્રાગટય ઉત્સવ શ્રી પુરૂષોતમલાલજી મહારાજશ્રીનાં સાનિધ્યમાં અતિ ધામધુમથી સંપન્ન થયો હતો. જેમાં સવારથી ગામના તથા આજુબાજુનાં તાલુકાનાં ગામડાઓ માંથી વૈષ્ણવોની આવવામાં લાઈનોની કતાર લાગી હતી. પુરતા પોલીસ બંદોબસ્તથી સૌ વૈષ્ણવો પોતાના વાહનો પાર્ક કરીને જઈ રહ્યાં હતાં. માનવમેહરામણ ઉમટી રહ્યો હતો સવારે મંગળાદર્શન બ્રહ્મસબંધ તથા નંદમહોત્સવ પલના દર્શનનો આનંદ પામી હજારો વૈષ્ણવોએ નંદ ઘેર આનંદ ભયો મનાવી ખુબ જ ધન્યતા અનુભવી હતી. ત્યારબાદ શ્રી વીઠ્ઠલેશરાયજી મહારાજશ્રીનાં ચિત્રજીને તીલક આરતી, માળા અર્પણ મુખ્ય મનોરથી હસુભાઈ પટોળીયા ઓળીયા પરિવારનાં હસ્તે કરવામાં આવેલ ત્યાર બાદ આપના પાદુકાજીને કેસર સ્નાન હજારો વૈષ્ણવોએ કરાવી પુજયશ્રીનાં આશીષ મેળવેલા કીર્તન મંડળી ખુબ જ ભાવપુર્વક કિર્તન પદગાન કરી આપ તથા વૈષ્ણવોને મુગ્ધ કરેલ. ત્યાર બાદ શ્રી મહાપ્રભુજી બેઠકજીની કમિટિ દ્વારા તેમજ દરેક સંલગ્ન કમિટિ તેમજ મનોરથી સહ મનોરથીઓનાં સહકારથી હજારો વૈષ્ણવોએ મહાપ્રસાદનો લાભ લીધેલ હતો. આપનાં આશીષથી તેમજ શ્રી મહાપ્રભુજી બેઠકજી કમીટીની તથા સંલગ્ન સંસ્થાઓનાં સહકારથી આજનો ઉત્સવ અતિ આનંદથી પૂર્ણ થયેલ. નગરપાલિકા, પોલીસ સ્ટેશન તથા મામલતદાર તથા સોની પી.આઈ. તેમજ ભાજપના હોદ્દેદારો હવેલીનાં કમીટી સભ્યોએ પણ હાજરી આપેલ તથા ધારાસભ્ય, સાંસદ સભ્યએ શુભેચ્છા વ્યકત કરેલ તેમજ મનોરથી સહમનોરથી તેમજ આજના ઉત્સવમાં સાથ સહકાર આપનાર નામી અનામી સૌનો કમિટિવતી વિજયભાઈ વસાણી, રાજુભાઈ શીંગાળા તથા કાંતીભાઈ, કનુભાઈ, વલભભાઈ તથા દરેક કમિટિ સભ્યોએ દરેકનો હાર્દીક આભાર માનેલ તેમજ આવતા વરસનાં ઉત્સવોનાં મનોરથીઓએ પણ ભાવપૂર્વક પોતાના નામો જાહેર કરેલા છે તથા હવે જે ભાદરવા માસમાં આવશે તેમાં સમૂહ માળાપહેરામણી, દાન મનોરથ ઉત્સવ આપનાં સાનિધ્યમાં ઉજવવામાં આવશે. એમ વિજયભાઈ વસાણીએ જણાવેલ છે.

# અમરેલીનાં સાંસદનાં નિવાસસ્થાન નજીકનો માર્ગ બનાવવામાં પણ ભ્રષ્ટાચાર

# લૂંટો ભાઈ લૂંટો : માર્ગમાં ૧૫ હજાર કિલો લોખંડનો ઉપયોગ ન કર્યો

**રૂપિયા ૧૨.૩૩ લાખનું બિલ પણ માર્ગ-મકાન વિભાગનાં હિંમતવાન અધિકારીઓએ નોકરીની ચિંતા કર્યા વગર ચુકવી દીધું**

**જનતા જનાર્દન સરકારી કરવેરા ભરી-ભરીને બેવડ વળી જાય ને તે રૂપિયાનો ઉપયોગ ઘરભેગા કરવા થાય છે**

**૨ થી ૩ કિ.મી.નો માર્ગ બનાવવામાં પણ લાખો રૂપિયાની ખાયકી થાય તો ભ્રષ્ટાચારનો કેવો વિકાસ છે તે સમજી શકાય**

**જાગૃત નાગરિક નાથાલાલ સુખડીયાએ જિલ્લા પંચાયતનાં કાર્યપાલક ઈજનેરને પાઠવેલ પત્રમાં તટસ્થ તપાસની કરી માંગ**

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લા સહિત દેશભરની જનતા પેટે પાટા બાંધીને સરકારની તિજોરી નાણાથી છલોછલ કરે અને તે પરસેવાનાં નાણાનો ઉપયોગ જનહિતમાં થવાને બદલે શાસકો સ્વહિતમાં કરીને મહા પાપ કરી રહ્યાં છે અને અવારનવાર માર્ગ સહિતનાં બાંધકામોમાં થતાં ભ્રષ્ટાચાર પ્રકારમાં આવતો હોય છે. દરમિયાનમાં અમરેલીનાં સાંસદનાં નિવા સ્થાન નજીક બનતા માર્ગમાં પણ ભ્રષ્ટાચાર બહાર આવતાં ચકચાર મચી છે. જાગૃત નાગરિક નાથાલાલ સુખડીયાએ લાખો રૂપિયાનાં કથિત ભ્રષ્ટાચારનો આક્ષેપ કરીને કાર્યપાલક ઈજનેરને તટસ્થ તપાસ કરીને કસુરવાનો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી ભોજલીયા ટાંકાધાર ટુ ચકકરગઢ ગામને જોડતા નોન પ્લાન રોડ પૈકીનાં ટાંકાધારથી ભોજલીયા હનુમાન મંદિર સુધીના અંદાજે ૧૫૬૬ મીટર લંબાઈ અને ૫ણ મીટર પહોળાઈનાં સીસી રોડની કામગીરી પૂર્ણ થયેલ છે. જેના બીલનું પેમેન્ટ પણ ચુકવાય ગયેલ છે. આ કામગીરીમાં ૧૨.૩૩ લાખનું લોખંડનું બિલ ચુકવાયેલ છે અને આપના વિભાગ ધ્વારા એમ.બી. રેકર્ડ કરી લોખંડ ડીઝાઈન મુજબ નાખવામાં આવ્યાનાં રેકર્ડ લઈ બિલ કરેલ છે. પરંતુ આ કામગીરીમાં લોખંડ ૧૦% જેટલું વપરાયેલ છે. એજન્સીને ૨૩.૫૦% એબાર્ટ કામ હોવા છતાં સ્ટીલમાં ગોલમાલ આચરેલ છે તેમજ તા. ૧૭/૮/૨૦૨૩નાં આ રોડના કોર કટિંગ આપેલ તેમાં પણ બીજી હકીકત જણાયેલ છે કે પ્લાન એસ્ટીમેન્ટ

અનુસંધાન પાના ૬ ઉપર

### ડબલ એન્જીનની સરકારમાં ડબલ અન્યાય

## એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. અને લઘુમતી સમાજ સરકારની ભેદભાવભરી રીત સામે મહા પંચાયત યોજશે

**કોંગી નેતા અમિત ચાવડાનાં ભાજપ સરકાર પર પ્રહારો**

અમદાવાદ, તા. ૨૨

આજ રોજ સત્યાગ્રહ છાવણી ગાંધીનગર ખાતે યોજાયેલ સ્વાભિમાન ધરણા જે બિન રાજકીય આયોજન ઓજસ – ઓબીસી જન અધિકાર સમિતિ દ્વારા યોજવામાં આવેલ. જેમાં ઓબીસી સમાજના તમામ સામાજિક અને ધાર્મિક આગેવાનો હાજર રહ્યા હતા. જેમાં મુખ્યત્વે આંદોલનનો પાયો નાખનાર અમિતભાઈ ચાવડા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શકિતસિંહ ગોહિલ, પૂર્વ પ્રમુખ જગદીશભાઈ ઠાકોર, અર્જુનભાઈ મોઢવાડીયા, સેવાદળના ચેરમેન લાલજીભાઈ દેસાઈ, સાથે ગુજરાત કોંગ્રેસના ધારાસભ્યો, પૂર્વ ધારાસભ્યો, તમામ નેતાગણ અને હજારો લોકો સમગ્ર ગુજરાતમાંથી હાજર રહ્યા હતા.



આજના સ્વાભિમાન ધરણામા અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૮૨% વસ્તી ધરાવતા ઓબીસી, એસ.ટી., એસ.સી. સમાજને પોતાના હક અધિકાર માટે ધરણા કરવા પડે એ જ બતાવે છે કે ડબલ એન્જીન સરકારમાં ખુબ જ

અનુસંધાન પાના ૬ ઉપર

### જિલ્લા ભાજપનાં પૂર્વ પ્રમુખ ડો. કાનાબારનું ટ્વીટ

## સરકાર દ્વારા ''વહીવટ'' ચલાવવા જનતાનાં પૈસામાંથી પગાર ચુકવાય અને તેની પાસે નિયમ મુજબ કામ માટે ''વહીવટ'' કરવો પડે

**સરકારી કચેરીઓમાં ચાલતા ભ્રષ્ટાચારથી જનતા લાચાર બની**

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લા ભાજપનાં પૂર્વ પ્રમુખ સરકારી વિભાગો કે અન્ય કોઈક્ષેત્રે ચાલતા ભ્રષ્ટાચારને અવારનવાર સોશ્યલ મીડિયાનાં માધ્યમથી ઉજાગર કરીને જાગૃત આગેવાનો માટે પ્રેરણાદાયી કાર્ય કરી રહ્યાં છે.

દરમિયાનમાં તેઓએ એક વધુ ટવીટ વાયરલ કરતા જણાવ્યું કે, જેમને સરકાર દ્વારા ''વહીવટ'' ચલાવવા તમારા–મારા ખિસ્સાનાં પૈસામાંથી પગાર ચૂકવાય છે તેની પાસેથી નિયમ મુજબ કામ માટે ''વહીવટ'' કરવો પડે છે.

મોટેભાગે લોકો મને કમને તેમની માંગણી સ્વીકારી લે છે, કેમ કે વિરોધ કરવાની હિંમત આપણે ગુમાવી ચુકયા છીએ. અને આપણે પણ જાણે તેની પાસેથી માલ ખરીદવાનો હોય તેમ, ''સાહેબ આ બહુ વધારે ગણાય થોડું વ્યાજબી કરો'' એમ કહી આજીજી કરવા મંડીએ છીએ.

અને ''સાહેબ'' પણ જાણે એના બાપા એના માટે મુકતા ગયા હોય તેમ નફફટ થઈ દલીલ કરે કે ''કિંમત કેવી મોટી છે, આટલું ખર્ચ તો થશે જ !''




સરકારી ઓફિસોમાં જાવ એટલે ઉપર મુજબનાં સંવાદો તમને અવશ્ય કાને પડે.

ઘણાં કર્મચારીઓ એને ''વહેવાર'' કહે છે !!

## દીવ : ગંગેશ્વર મહાદેવને સમુદ્ર કરે છે જળાભિષેક



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૨૨

દીવમા સ્થિત ગંગેશ્વર મહાદેવ મંદિરની પાંચ લિંગની રચના પાંચ પાંડવ દ્વારા કરવામા આવી હતી, જેનો અભિષેક સમુદ્ર દેવ ખુદ કરે છે,

અનુસંધાન પાના ૬ ઉપર

### છેલ્લા ૨૪ કલાક દરમિયાન

## અમરેલી જિલ્લામાં ૩ મહિલા સહિત ૫ વ્યકિતનાં ઝેરી દવા પી લેતા મોત નિપજયા

**સ્થાનિક પોલીસ દ્વારા બનાવ અંગે ધોરણસર કાર્યવાહી શરૂ**

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૩ મહિલા સહિત ૫ લોકોએ ઝેરી દવા પી લેતા તમામ પાંચેય વ્યકિતનાં મોત નિપજતા સ્થાનિક પોલીસ ધ્વારા બનાવ અંગે તપાસ હાથ ધરવામાં આવેલ છે.

પ્રથમ બનાવમાં અમરેલીનાં ચિતલ રોડ ઉપર આવેલ સર્વોદય સોસાયટીમાં રહેતા નયનાબેન સામતભાઈ ખેતરીયા નામનાં ૪૩ વર્ષિય મહિલાનો દીકરો મરણ ગયેલ હોવાથી તેઓને માનસિક ટેન્શન વધી જતાં અને મનમાં લાગી આવતા પોતે કોઈ ઝેરી દવા પી લેતા તેમનું મોત નિપજયું હતું.

જયારે બીજા બનાવમાં અમરેલીનાં જેશીંગપરા સીતારામનગરમાં રહેતા દુલેસિંગ મનસુખભાઈ પરમાર નામના ૨૫ વર્ષિય યુવકે કોઈ અગમ્ય કારણોસર ઘઉંમાં નાખવાના ઝેરી ટીકડા પી લેતા તેમનું મોત નિપજયાનું સીટી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

ત્રીજા બનાવમાં ધારી તાલુકાનાં કરમદડી ગામે રહેતા ચકુબેન ઉર્ફે મીસુબેન પ્રવિણભાઈ ચાવડા નામની તરૂણીને પેટમાં દુઃખાવો થતો હોય. જેથી તેણીએ માતાને આ અંગે વાત કરતાં માતાએ તરૂણીને કબાટમાં પડેલ દેશી દવાની પડીકીમાંથી દવા પી લેવાનું કહેતા તરૂણીએ દેશી દવાને બદલે ભુલથી કબાટમાં પડેલ ઘઉંમાં નાખવાનો ઝેરી પાઉડર દેશી દવા સમજી પી લેતા

અનુસંધાન પાના ૬ ઉપર

### રાની પશુઓની સુરક્ષા મજબુત કરવી જરૂરી

## સા.કુંડલાનાં બાઢડા ગામે દીપડો ૬૦ ફૂટ ઉંડા કુવામાં પડયો

**વન વિભાગે રેસ્કયુ કરી બહાર કાઢયો**

અમરેલી, તા. ૨૨

સાવરકુંડલા તાલુકાનાં બાઢડા ગામે બે થી ત્રણ વર્ષની ઉંમરનો દીપડો ૬૦ ફૂટ ઊંડા ખુલ્લા પાણી ભરેલા કૂવામાં ખાબકયો હતો. આ અંગે વાડી માલિકે વન વિભાગને જાણ કરતાં વનવિભાગ દ્વારા રેસ્કયુ કરી આ દીપડાને પાણી ભરેલા કૂવામાંથી સહી સલામત રીતે બહાર કાઢી જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડયો હતો. આ બનાવમાં વનવિભાગમાંથી જાણવા મળતી વિગત મુજબ સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામે રહેતા ભુપતભાઈ સોડાભાઈ નાગવાડિયાની વાડીમાં આજે બપોરનાં સમયે બે થી ત્રણ વર્ષની ઉંમર ધરાવતો એક દીપડો ૬૦ ફૂટ ઊંડા પાણી ભરેલા ખુલ્લા કૂવામાં ખાબકયો હતો.



આ બનાવ અંગે વાડી માલિકે તાત્કાલિક વન વિભાગને જાણ કરતાં વનવિભાગ દ્વારા રેસ્કયુ કરી આ દીપડાને પાણી ભરેલા કૂવામાંથી સહીસલામત રીતે બહાર કાઢી જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડયો હતો.

### ચૂંટણીને હવે માત્ર ૨૪૦ દિવસ જેવો સમય બાકી

## અમરેલી લોકસભા બેઠકનાં ભાજપ અને કોંગ્રેસનાં ઉમેદવારોની અટકળો શરૂ

**બન્ને પક્ષે ૪ થી ૫ જેટલા નામો ચર્ચામાં**

અમરેલી, તા. ૨૨

અમરેલી લોકસભાની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસનાં ઉમેદવારો કોણ હશે તેને લઈને અટકળો શરૂ થઈ છે.

ભાજપનાં વર્તમાન સાંસદ નારણભાઈ કાછડીયાને ૧૫ વર્ષનો કાર્યકાળ બાદ બદલવામાં આવશે તેવું સૌ માની રહ્યું છે. તો મુકેશ સંઘાણી, કૌશિક વેકરિયા, ડો. કાનાબાર, બાવકુભાઈ ઉંઘાડ અથવા મહેશ કસવાલા અને કોંગ્રેસ તરફથી પ્રતાપ દુધાત, વિરજી ઠુંમર, જેનીબેન ઠુંમર અને પરેશ ધાનાણીનાં નામની ચર્ચાઓ બન્ને પક્ષનાં બુથ કક્ષાનાં કાર્યકરો ચર્ચી રહ્યાં છે.










*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)